# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

**CDO PRAKASH SAMIKSHA**

FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 23 • ISSUE : 01 • PAGES : 40 • MUMBAI • DATE : 05TH AUGUST 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## આપની વસમી વિદાયથી સુનું બન્યું સમગ્ર કચ્છ
## દિન-રાત ઉદાસ, ગમગીન બન્યું સમસ્ત અચલગચ્છ



# અચલગચ્છાધિપતિ

તપચક્ર ચક્રવર્તી, જિનશાસન શિરોમણી, પ.પૂ. આચાર્ય ભગવંત

## શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મહારાજા સાહેબ ને

નત્‌મસ્તકે વંદનાંજલિ

**પ્રકાશ સમીક્ષા સમિતી**

## ઈન્સ્યુરન્સ ક્ષેત્રમાં ફેલો એકચ્યુરી (Fellow Actuary) તરીકે ઉચ્ચ પદવી મેળવનાર પરમ દિનેશ ધરમશીને હાર્દિક અભિનંદન...



# પરમ દિનેશભાઇ ત્રીકમજી ધરમસી

રંગપુર હાલાર - મુલુંડ

જન્મ તા. ૨૬-૮-૧૯૮૭

ઇન્સ્યુરન્સ ક્ષેત્રે ખૂબજ મહત્વપૂર્ણ તથા મુશ્કેલ એવી ફેલો એકચ્યુરી (વિમાના પ્રીમીયમની ગણતરી કરનાર નિષ્ણાંત)ની પદવી પ્રાપ્ત કરનારા પરમ ક.દ.ઓ. જ્ઞાતિની દ્વિતીય વ્યક્તિ છે. આવા ખૂબજ જવાબદારીભર્યા કાર્ય માટેની ૧૫ કઠોર પરીક્ષાઓ પાસ કરી, ઉચ્ચ સફળતા પ્રાપ્ત કરીને પરિવાર, ગામ તથા જ્ઞાતિનું નામ રોશન કર્યું છે એ બદલ ખૂબ ખૂબ અભિનંદન.

ઈન્સ્યોરન્સ ક્ષેત્રે વધુ ઉંચી સફળતા પ્રાપ્ત કરે એવી અંતરની અભિલાષા - શુભેચ્છા - શુભાષિશો

લી

માતા-પિતા : **શ્રીમતી અલકાબેન દિનેશ ત્રિકમજી ધરમશી**

દાદી-દાદા : **માતુશ્રી વિજયાબેન ત્રિકમજી (બાબુભાઇ વીમાવાલા) ધરમશી**

નાની-નાના : **માતુશ્રી ગુણવંતીબેન હીરજી લાપસીયા** (દલતુંગી - ઉદયપુર)

ભાઇ : **કરણ દિનેશ ધરમશી** (કેનેડા)

Dineshbhai : 98332 59072 • Alkaben : 91677 68111

તંત્રી સ્થાનેથી

## અચલગચ્છાધિપતિ પ.પૂ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા. ને વંદનાંજલિ



– ડૉ. હિરાચંદ દંડ – 7738508150

આપણે તા. ૨૬ જુલાઈના વહેલી સવારે અચલગચ્છના આકાશનો તેજસ્વી તારો ગુમાવ્યો છે. અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મહારાજા સાહેબ તા. ૨૬ જુલાઈના કાલધર્મ પામ્યા એ ફક્ત અચલગચ્છ માટે જ નહિં પરંતુ સમગ્ર જિન શાસન માટે ખૂબ જ મોટી ખોટ ગણી શકાય. ૬૫ વર્ષના સંયમકાળમાં દેદિપ્યમાન જીવનકર્મ દ્વારા જિનશાસનની પાવન વિભાવનાને દિપાવી જગતને અમૃતમય બનાવ્યું. અનેક દિવ્યાત્માઓના ઉદ્ધારક બની અચલગચ્છને તેજસ્વી બનાવ્યું. એમના તેજસ્વી, તપસ્વી તથા ધર્મમય જીવનકર્મને પ્રકાશ સમીક્ષાની ભાવપૂર્ણ વંદનાંજલિ.

ઈ.સ. ૨૦૦૧ના ભૂકંપ પછી નવું કચ્છ ઉભર્યું છે. નવા રોડ, નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા સરકારની રાહતદાયક યોજનાઓએ કચ્છને પરિવર્તિત કર્યું છે. આ નવા પરિવર્તનોએ કચ્છમાં અનેક ઉદ્યોગો તથા કારખાનાઓને આકર્ષિત કર્યા છે. જેના કારણે કચ્છમાં જમીનની માગમાં વૃદ્ધી થઈ છે. તેવી જ રીતે ઉત્તરભારતના અનેક ખેડૂતો પણ કચ્છમાં ખેતીવાડી માટે જમીન ખરીદી લીધી છે. તેઓ નાખી દેવા જેવી કિંમતે મળતી જમીનોમાં મબલખ પાક લઈ રહ્યા છે જે અંગે આપણા કચ્છીઓના ધ્યાનમાં આ પહેલા આવ્યું નથી. આના કારણે ખેતીલાયક જમીનોના ભાવ પણ સતત વધી રહ્યા છે.

ક.દ.ઓ.ની બહુમતિ સંખ્યા કચ્છથી બહાર સ્થાઈ થયેલી છે એટલે તેઓએ પોતાની પારિવારિક જમીનો જે પહેલા મુલ્યહિન લાગતી હતી તેની સંભાળ લીધી નથી. જ્ઞાતિજનો ફક્ત ધાર્મિક અને સામાજિક પ્રસંગોની ઉજવણી વથા વેકેશન માટે જ કચ્છ જાય છે એટલે તેમના મકાનોની થોડે ઘણે અંશે દેખભાળ કરે છે પરંતુ ખેતરનું ધ્યાન નથી રાખતા. ઘણાંએ જમીનનો કર (વિંગોટી) પણ ભરેલ નથી તેમજ જમીનના આવશ્યક દસ્તાવેજો પણ તેમની પાસે નથી.

કચ્છમાં લગભગ છેલ્લા ૧૫ વર્ષથી ખેતીવાડીની જમીનોની કિંમત વધી રહી છે એટલે જમીન માફિયાઓ મોટા પાયે સક્રિય થઈ ગયા છે. એવું પણ સાંભળવા મળ્યું છે કે બે ક.દ.ઓ. મહિલાઓ પણ આવા જમીનકાંડમાં સક્રિય છે. બનાવટી દસ્તાવેજો દ્વારા અનેક જમીનો ખોટાં નામે અથવા ત્રીજા પક્ષના નામે ચડાવી દેવામાં આવી છે જે પાછળથી ઉંચા ભાવે વેચી દેવામાં આવી છે. જમીન માલિકો આ વિશે સજાગ નથી અને જ્યારે તેમને ખબર પડે છે ત્યારે ખૂબ મોડું થઈ ગયું હોય છે. જમીન માફિયાઓ આવા ખેતરો અમૂક ચોક્કસ કોમના લોકોને વેચી દે છે એટલે મુળ માલિક તેઓ સાથે લડવા અસમર્થ બની જાય છે.

મને મલકાપુરથી શ્રી સોમચંદ કલ્યાણજી દંડનો ફોન આવ્યો હતો. તેઓ દિવ્યાંગ છે અને તેમની જમીન વરાડિયામાં છે જેનો ગેરકાયદેસર રીતે કબજો લઈ લેવાયો છે. સોમચંદભાઈએ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તથા કચ્છ કલેક્ટરશ્રીને આ અંગે પત્રો લખ્યા છે જેની કોપી પણ મને મોકલી છે, પરંતુ અત્યાર સુધી આમાં કોઈજ કાર્યવાહી થઈ નથી. મને જાણવા મળ્યું છે કે આવીજ રીતે અનેક જ્ઞાતિજનોએ પોતાની જમીનો ગુમાવી છે જેનો કબજો તેઓ લઈ નથી શક્યા.

સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિજનોને જમીનના રજીસ્ટ્રેશન માટે મદદરૂપ થવા અને માર્ગદર્શન આપવા એક કમિટી બનાવવામાં આવી છે. આ કમિટીનું કાર્ય ખૂબજ વિશાળ છે. હું આપ સૌને સમસ્ત મહાજની વેબસાઈટ kdosm.org ની મુલાકાત લેવા અનુરોધ કરૂં છું. હું સમસ્ત મહાજનના પદાધિકારીઓને વિનંતી કરૂં છું કે આ સમિતિને વધુ પ્રવૃત્ત કરે તથા આ અંગે કઈ રીત કાર્યવાહી હાથ ધરી શકાય તે અંગે તથા છેલ્લા બે વર્ષમાં તેમણે આ બાબતમાં કરેલા કાર્યની વિગતો જ્ઞાતિજનો સુધી પહોંચાડે. આપણે કચ્છમાં ક.દ.ઓ. જ્ઞાતિજનોની

## આદ્યતંત્રીઓ

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હિરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

**વૉલ્યુમ – ૨૩ અંક નં. ૦૧**
**Date : 05-08-2020**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane, Opp. Shastri Nagar,
Pant Nagar, Ghatkopar (E),
Mumbai - 400075.
Tel.: 022-2508 4463 /64 /65
E-mail : kdoprakash@gmail.com

સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ ફક્ત
રવિવાર અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 2508 4464 / 2508 4465**
**Mob.: 98211 54326**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**


## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

મિલકતોની જાળવણી કરવી જ જોઈએ એ માટે પ્રકાશ સમીક્ષા સંપુર્ણ ટેકો આપશે.

કચ્છની મિલકતો અંગેના ખૂબ મોટા એવા આ પ્રશ્નની વધુ વિગતો હું આગામી અંકોમાં પ્રસ્તુત કરતો રહીશ. મને આશા છે કે આપણા સંગઠિત પ્રયાસો દ્વારા જ્ઞાતિજનોની મિલકતોના માલિકી હક્ક માટે સારૂં કાર્ય કરી શકીશું.

કોરોના સંક્રમણ હજી ચાલુ જ છે એટલે પર્યુષણ પર્વના સમયમાં સોશિયલ ડીસ્ટન્સનું પાલન અવશ્ય કરીએ. સ્વયંશિસ્ત દ્વારા સુરક્ષિત રહીએ એજ સમયની માંગ છે.

કોરોના કાળમાં છેલ્લા ચાર મહિનાથી ઈ ઈશ્યુ પછી બહુમતિ જ્ઞાતિજનોની માંગ મુજબ આ અંકથી 'પ્રિંટ કોપી'નો પ્રારંભ કરી રહ્યા છીએ. જે ડિસેમ્બર ૨૦૨૦ના અંત સુધી અગાઉની જેમ બધાને પોસ્ટ કરીશું. તે પછી પ્રકાશ-સમીક્ષા પોસ્ટથી મેળવવા ઈચ્છતા હો તો આ અંકમાં પ્રકાશિત ફોર્મમાં જરૂરી વિગતો ભરી અમને મોકલી આપવા નિવેદન છે.

## EMPTY POSITIVE THINKING

One of my friends at Chennai, who made a good fortune in business, is now in serious monetary problems. He would always say, "I will clear all the debts very soon," and he has been saying this for the last 5 years. The brighter side is that he thinks positive, but the darker side is that he just keeps saying without putting any effort in that direction. You have to take action to get what you want. Just dreaming about things is not going to get anything for you. Positive thinking is just one part of the game. Action is the other part of the game that you wish to win. There is a huge difference between thinking positively and doing that which needs to be done positively.

"God gives every bird its food, but He does not throw it in its nest." Without the 2Ps, Persistence and Perseverance, the 3rd P of Positive Thinking is of no use. When all the 3 Ps work together you have a winning formula. • 1. 'Positive Thinking' minus action keeps a person happy but he does not achieve much. • 2. 'Action' minus 'Positive Thinking' may help a person to achieve but he always struggles. He is seldom happy. • 3. 'Positive Thinking' plus 'Action' enables a person to be happily successful and successfully happy. Even miracles are within his reach.

**- Tilakchand K. Lodaya,** Chennai

## 'પ્રકાશ સમીક્ષા' આપને પોસ્ટ દ્વારા મોકલાતું રહે એમ ઈચ્છો છો?

**તો નીચેનું ફોર્મ ભરીને ઈમેઈલ દ્વારા kdoprakash@gmail.com,**
**વોટ્સએપ નં. 9372300236 ઉપર અથવા કાર્યાલયના સરનામે મોકલી આપવા વિનંતી છે.**

પ્રકાશ સમીક્ષા મેમ્બરશીપ નં. ____________ વસ્તીપત્રક નં. ____________

નામ ____________ વતનનું ગામ ____________

સરનામું ____________

____________

મોબાઈલ નં. ____________ ઈમેઈલ ____________ ફોન નં. ____________

To,
**કાર્યાલય : C/o. મધુ એન્ટરટેઈન્મેન્ટ ઍન્ડ મિડીયા લી.**
એ-૭૦૪, રેમી બિઝકોર્ટ,
વીરા દેસાઈ રોડની નજીક,
અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૩.

**લી. શ્રી ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા સમિતિ**

## ભાવાંજલી...! સુમનાંજલી...! આદરાંજલી...! શ્રધ્ધાંજલી...!! સ્મરણાંજલી...!!!



શ્રી જિનશાસનના સુધર્મા સ્વામીની પાટપરંપરાની ૭૭મી પાટના શ્રી જિનશાસન શિરોમણી કચ્છ કેશરી શાસનસમ્રાટ શ્રી અચલગચ્છાધિપતી આચાર્ય ભગવંત પ.પુ. શ્રી ગુણસાગરસૂરીશ્વરશ્રીજી મહારાજા સાહેબના ઉત્તરાપટ્ટાધિકારી. અનંત ઉપકારી, પરમ શાસન પ્રભાવક, શ્રી અચલગચ્છાધિપતી પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરશ્રીજી મહારાજા સાહેબ સંવત ૨૦૭૬ના શ્રાવણ સુદ ૭ ને તા. ૨૬-૦૭-૨૦૨૦ રવિવારના પરોઢીયે ઠીક ૧.૧૫ કલાકે નવકાર મહામંત્રના સ્મરણ સાથે દેહવિલય કરેલ છે તેના સમાચાર જાણી શ્રી જલગામ શ્રી સંઘને આઘાતજનક આંચકો લાગ્યો છે.

કોટડા ગામના કોહીનૂર હીરલા, સુંદરબાઈ માતાના આંખોના તારલા, ગણશીભાઈ પિતાના ગુણીયલ બેટા યુવાવસ્થામાં સંસારનો નવરંગી ઉંબરઠો ઓળંગીને જિનશાસનના સંયમપદને પામવા માટે આતુર એવા આત્માએ સંયમજીવનમાં પદાર્પણ કાજે મંગલ પ્રવેશ કરીને 'મુનિરાજ'નું પદ ગ્રહણ કર્યુ ! જીવનના ૪૪મા વર્ષે ભુજ નગરીમાં 'ઉપાધ્યાય'ની પદવી ગ્રહણ કરીને શોભાયમાન બન્યાં ! ૬૫ વરસનું સંયમ પર્યાયકાળ જિનશાસનની સેવામાં અર્પણ કર્યું.

શ્રી સમસ્ત જલગાંમ શ્રી સંઘ પરમ પૂજ્ય ગુરૂદેવના પાવન ચરણોમાં ભાવભીની શ્રધ્ધાંજલિ સહ શ્રધ્ધાસુમન અર્પણ કરે છે! પરમ પૂજ્ય શ્રી ગુરૂદેવનો આત્મા શિઘ્રતાશિઘ્ર મોક્ષગામી બને અને પરમ પદથી શોભાયમાન બને એવી પરમપિતા પરમાત્મા પાસે નમ્ર અભ્યર્થના કરે છે !

હાલના કોરોના વાયરસથી સર્જાયેલ કટોકટીની વેળાએ તેમજ સરકારી નિયમોને આધીન હાલ સંજોગવશ સામુહીક ગુણાનુવાદ તેમજ શ્રધ્ધાંજલિ આદિનું આયોજન સહજતાથી અને શક્યપ્રાયઃ નહીં હોવાથી શ્રધ્ધાંજલિના સુમન પુષ્પોથી પરમ આત્માની પરમ યાત્રા સુખામય નિરામય અને અવ્યાયાબાધ રીતે નિર્વિધ્નપણે સંપૂર્ણ થાય એજ પરમપિતા પરમાત્મા પાસે નમ્ર અભ્યર્થના કરીએ !!!

**શ્રી ક. દશા-વિશા ઓસવાલ જૈન મહાજનશ્રી, જલગાંમ**
**શ્રી અચલગચ્છ જૈન શ્રી સંઘ, જલગાંમ**
**શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન શ્રી સંઘ, જલગાંમ**
**શ્રી સકલ જૈન સંઘ, જલગાંમ**



# શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ, સળંગ ૫૪ વર્ષીતપ આરાધક, તપચક્ર ચક્રવર્તી પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના મોક્ષ માર્ગે પ્રયાણ અંતઃકરણે મહા સુમનાંજલિ



અચલગચ્છ નાયક મહાતપસ્વી પ.પૂ. આ.ભ. ની ગુણોદયસાગર-સૂરીશ્વરજી મ.સા. બહુંતેર જિનાલય-કોડાય-માંડવી ખાતે ચાતુર્માસ આરાધન દરમિયાન મોક્ષમાર્ગે સીધાવતાં સમસ્ત અચલગચ્છીય મુમુક્ષુઓ આઘાતથી હતપ્રભ થઈ ગયા છે.

આચાર્ય ભગવંતની આમ અચાનક વિદાયની કોઈ કલ્પના ન હતી. સદા નવકાર સ્મરણ અને તપસાધનામાં લીન રહેતા આચાર્ય ભગવંત સળંગ ૫૪ વર્ષીતપના આરાધક અને ધર્મોત્થાનની વિવિધ પ્રવૃત્તિઓના સંચાલન માર્ગદર્શનમાં પ્રવૃત્ત જીવન ગાળી રહ્યા હતા.

આચાર્ય ભગવંત સાંસારિક જીવન દરમિયાન જ ધર્માનુરાગી હતા. આચાર્ય ભગવંતનો જન્મ નખત્રાણા તાલુકાના કોટડા રોડા નિવાસી રત્નકુક્ષિણી માતા સુંદરબેન અને પિતાશ્રી ગણશીભાઈ ખીંયશી પાસડના ઘેર વિ.સ. ભાદ્રપદ શુક્લ પૂનમના દિને પ્રાતઃ ૯.૪૫ મિનિટે ગોવિંદજીભાઈનો જન્મ થયો. માતા-પિતાના સાત સંતાનોમાં છઠા ગોવિંદજી સામાન્ય અભ્યાસ અને ધાર્મિક શિક્ષણમાં રૂચિ ધરાવતા હતા. તેમના ઘરની નજીકના ઉપાશ્રયમાં સ્થિરવાસમાં બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી મગનશ્રીજી મ.સા. તથા અમૃતશ્રી પાસે નવકાર મંત્ર તથા પ્રારંભિક ધાર્મિક સૂત્રો અને મંત્રો રોજ સાંભળી કંઠસ્થ કરવા લાગ્યા.

દરમિયાન ગોવિંદજીભાઈના મોટાભાઈએ વ્યવસાયાર્થે મુંબઈ પ્રયાણ કર્યુ જ્યારે ગોવિંદજી માતા પિતાની સેવા ઉપરાંત જિનાલયમાં પુજારી તરીકે સેવા આપવા લાગ્યા. જિનાલયના દૈનંદિન કાર્ય, અભ્યાસ અને પિતાને ખેતી કામમાં મદદ એ એમની રોજનિશી. આ ગાળામાં કોટડા રોહા મુકામે બિરાજમાન સંયમમૂર્તિ પૂ.સા. શ્રી પદ્મશ્રીજી મ.સા. તથા સ્વાધ્યાય રસિક શ્રી રૂપશ્રીજી મ.સા. ના સત્સંગમાં રહી શાસ્ત્રાભ્યાસ કરતા. આ અભ્યાસમાં તેમણે શાસ્ત્રો, શ્લોકો, ચોવીસીઓ, પ્રમાણ શ્લોકો અને ગાથાઓ કંઠસ્થ કરી લીધા.

ધર્માનુરાગી ગોવિંદજીભાઈની નિષ્ઠા જોઈ પૂ. સા. શ્રી રૂપશ્રી મ.સા. એમને પ્રશ્ન કર્યો તમારા સંસ્કાર જોતાં લાગે છે તમે જિનશાસનના શણગાર સમા અણગાર બની જાઓને? કિશોર ગોવિંદજીના મનમાં એ બીજ રોપાયું. તેમણે માતા-પિતા સમક્ષ દીક્ષા લેવાની ભાવના વ્યક્ત કરી પણ સંમતિ ન મળતા શાંત રહ્યા. સમય સમય પર દીક્ષા લેવાની ઈચ્છા વ્યકત કરતા રહ્યા. એક પ્રસંગ માતા-પિતાની સંમતિ મળતા તેઓ વિ. સં. ૨૦૧૩ માં મુંબઈ આવ્યા. તેમણે પોતાના માનેલા ગુરૂ આચાર્ય ભગવંત ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. સમક્ષ દીક્ષા આપવાની પ્રાર્થના કરી અને યોગ્ય સમયે આચાર્ય ભગવંતે તેમને વિ. સં. ૨૦૧૪ના માગસર સુદ ૧૦ અને રવિવારના દિને અન્ય બે મુમુક્ષુ બહેનો સાથે પ્રવજ્યા ગ્રહણ કરી. આચાર્ય ભગવંતે નૂતન શિષ્યનું નામ ગુણોદયસાગર નિર્ધાર્યું. આમ ૨૫ વર્ષની યુવાન વયે મુનીપદ સ્વીકાર્યું અને ગુરૂ સાથે પડછાયાની જેમ રહ્યા.

વિ. સં. ૨૦૨૪માં પૂ. આચાર્ય શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની અધ્યક્ષતામાં વિધિવત અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘની સ્થાપના થઈ અને શ્રાવક શ્રાવિકા ગણના પ્રમુખ તરીકે શેઠશ્રી નારાયણજી શામજી મોમાયા વરાડીયાવાળા નિમાયા.

દરમિયાન ગુરૂદેવને એકાસણા આદિ વિવિધ વ્રત તપ ઉપવાસ આરાધના જોઈ ગુણોદયસાગર મ.સા. પણ તપ આરાધનામાં લીન થયા. દરમિયાન ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. અચલગચ્છાધિપતિની પદવીથી ભદ્રેશ્વર મુકામે અલંકૃત કરાયા ત્યારે પ.પૂ. ગુણોદયસાગરજીને ભુજ મુકામે મહાવદ ત્રીજ સંવત ૨૦૩૦ના દિને ગુરૂ આજ્ઞાથી ઉપાધ્યક્ષ પદથી અલંકૃત કરાયા.

દેઢિયામા પ્રથમ વર્ષીતપની શરૂઆત કરી જે આજીવન ચાલુ રાખી.

સંવત ૨૦૩૩માં અક્ષય તૃતિયાના પાવન દિને પ.પૂ. ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા. ને મકડા (માંડવી) ગામે

આચાર્ય પદવી પ્રદાન કરાઈ.

૨૩-૨૩ વર્ષથી પડછાયાની જેમ પોતાના ગુરૂવર સાથે રહ્યા પછી ૨૦૩૫માં છૂટા પડ્યા અને કચ્છ તરફ વિહાર કર્યો. સંવત ૨૦૩૯માં પૂજ્ય શ્રીની નિશ્રામાં ૭૨ જિનાલયની ખનન વિધી થઈ અને ૨૦૪૦માં શિલા સ્થાપના કરવામાં આવી નાંગલપુર મુકામે આ.ભ. ગુણોદયસાગરજી મ.સા. પાસેથી દીક્ષા પ્રાપ્ત કરી પ્રિયંકરસાગરજી સદા એમની સાથે પડછાયાની જેમ રહ્યા.

સંવત ૨૦૪૪માં અચલ ગચ્છાધિપતિ આ. ભ. ગુણસાગરસૂરિશ્વરજી મ.સા. દ્વિતીય ભાદ્રપદ કૃષ્ણ અમાસના દિને કાળધર્મ પામ્યા. એમની અંતિમ વિધિ બહુંતેર જિનાલય ખાતે કરવાનું નક્કી થયું. પ.પૂ. ગુણોદયસાગરજી મ.સા. ત્યાં પહોંચ્યા અને ત્યાં એમને ગચ્છનાયકની ધુરા સોંપવામાં આવી.

સંયમ જીવનની યાત્રા દરમિયાન અચલગચ્છાધિપતિ ગુણોદયસાગરજી સૂરીશ્વર મહારાજ સાહેબ ૨૫૦ જેટલી દીક્ષાઓ, સંઘો, અંજનશલાકાઓ આદિના સૂત્રધાર રહ્યા. હવે એમના અનુગામી તરીકે પ.પૂ. આ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. ગચ્છનાયક નિમાયા છે.

– **કેસરસિંહ ખોના,** તંત્રી મંડળ

## પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા. નુતન ગચ્છ નાયક



પ.પૂ. આ.ભ. ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની ગુણાનુવાદ સભામાં પૂજ્યશ્રીના અનુગામી તરીકે પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરજી મ.સા.ની અખિલ ભારતીય અચલગચ્છ શ્વેતાંબર જૈન સંઘ (વિધિ પક્ષ)ના ગચ્છનાયક તરીકે જાહેરાત કરવામાં આવી છે.

આ જાહેરાત પ.પૂ. પ્રિયંકરસાગરજી મ.સા. એ કરી નવા ગચ્છનાયકશ્રીની નિશ્રામાં ગુણાનુવાદ સભાની કાર્યવાહી શરૂ કરી હતી.

આ સભામાં માનવ મંદિર પ્રણેતા પૂ. દિનેશમુનિ, વિરાયતન વિદ્યાપીઠના આચાર્યા ચંદનાશ્રીજી, સાધ્વીજી શિલ્પાશ્રીજી, કોડાયના વિદ્યાચંદ્રજી મ.સા., શિવમઅસ્તુ તીર્થ પ્રેરક શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા., આ.ભ. શ્રી વીરભદ્રસાગર સૂરિશ્વરજી મ.સા., પ.પૂ. મુનિરાજ રત્નસાગરજી મ.સા., પ.પૂ. કંચનસાગરજી મ.સા., પ.પૂ. પ્રિયંકરસાગરજી મ.સા., પ.પૂ. ભાગ્યોદયસાગરજી મ.સા., પ.પૂ. ગચ્છોદયસાગરજી મ.સા., પ.પૂ. પ્રશમોદયસાગરજી મ.સા., પ.પૂ. ગોપમોદયસાગરજી મ.સા., પ.પૂ. સા. વિશ્વોદયશ્રીજી મ.સા., પ.પૂ. સા. પૂર્ણાનંદાશ્રીજી મ.સા., પ.પૂ. સા.જયરેખાશ્રીજી મ.સા., પ.પૂ. સા. જ્યોતિપ્રભાશ્રીજી મ.સા., પ.પૂ. સા. ધર્મકીર્તિશ્રીજી મ.સા. સહિત અનેક સાધુ-સાધ્વી ગણ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત રાજકીય, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રના કાર્યકરો અને મહાનુભાવોમાં પૂર્વ રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડા, રાજ્યના વર્તમાન શિક્ષણ પ્રધાન ભૂપેન્દ્રસિંહજી ચૂડાસમા, રાજ્યમંત્રી વાસણભાઈ આહિર, સાંસદ વિનોદભાઇ ચાવડા, ટ્રસ્ટીગણ રવિભાઇ સંગોઇ, વિનોદભાઇ ગંગર, વિજયભાઇ છેડા, હેમચંદભાઇ ગડા, મ.સા. પરિવારના સતિષભાઇ હરિયા તથા મહેન્દ્રભાઈ પાસડ, ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના પ્રમુખશ્રી નયનભાઈ ભેદા, રતિલાલભાઈ શાહ, રામજીભાઈ શાહ, બિપિનભાઈ શાહ, માનવજ્યોત કચ્છના પ્રબોધભાઈ મુનવર, દીપક ગોસર, ચેતન દેઢીયા, અમૂલ દેઢીયા, ગોધરા ગ્રામ વિકાસ મંડળના અરવિંદભાઈ જોષી, મોટા આસંબિયાના આલમશા સૈયદ આદિ મહાનુભાવ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના માનવંતા જૂના તથા નવા પદાધિકરીઓની સંયુક્ત બેઠક

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈના માનવંતા જૂના તથા નવા પદાધિકરીઓની સંયુક્ત બેઠક તા. ૨૩-૦૭-૨૦૨૦ ને ગુરૂવારના બપોરે ૨.૦૦ કલાકે. શ્રી અનંતનાથજી દેરાસરમાં મુંબઈ મહાજન કાર્યાલય ખાતે સંપૂર્ણ ચાર્જની સોંપણી કાજે મળેલ, વાસ્તવમાં આ કાર્ય તા. ૩૧-૦૩-૨૦૨૦ ના થવું જોઈતું હતું પરંતુ ભારત સરકાર દ્વારા વૈશ્વિક મહામારી ઉપદ્રવ સામે લડવા અને રક્ષણ કાજે પૂર્ણ ભારત બંધની કરાયેલ જાહેરાતના કારણે મુલત્વી રખાયેલ.

સંયુક્ત બેઠક નવી નિર્ધારિલ તા. ૨૩-૦૭-૨૦૨૦ ના બપોરે ૨.૦૦ કલાકે મસ્જિદબંદર સ્થિત શ્રી અનંતનાથજી દેરાસર ખાતે મુંબઈ મહાજનશ્રીના કાર્યાલય ખાતે બોલાવવામાં આવેલ જેમાં બન્ને વ્યવસ્થાપક સમિતિના પદાધિકારીઓ હાજર રહેલ, જેમાં સંપૂર્ણ ચાર્જની સોંપણી ખુબજ શાંતિપૂર્વક, વિશ્વાસથી તેમજ પૂર્ણ વિધિવત રીતે કરવામાં આવેલ.

# શ્રી પ્રવિણભાઇ નરસીભાઇ દંડની જીવન ઝરમર

**''વિધીના લખ્યા લેખ કેવા ક્રૂર થઇ ગયા,**
**છોડ્યો આપે સાથ અમે મજબૂર થઇ ગયા,**
**હજી જોઇતો' તો સાથ પણ તમે દૂર દૂર ચાલ્યા ગયા''**



કચ્છરત્ન નરસી જેઠાભાઇ દંડ પરિવારનો સિતારો ૨ જુલાઇના પરોઢે ખરી પડ્યો. રાતે કોઇનેય કલ્પના ન આવી કે દિપક ઓલવાઇ જશે, જ્યોતિ બુઝાઇ જશે. હસતા-બોલતા રાતે નવકાર ગણીને નિદ્રાવશ થયા ને નિદ્રાનાજ ખોળે ચિરશાંતિ પામ્યા. સવારના બધાને શૉક લાગ્યો કે ભાઇ નથી. પુણ્યની સાથે પાત્રતા, શક્તિની સાથે પરોપકાર, સંપતિની સાથે ઉદારતા હોય તો જીવનબગિયા એમ જ મહોરી ઉઠી હતી, મહેકી ઉઠી હતી. એમના જીવનબાગમાં સદ્‌ગુણોનો પમરાટ ખિલી ઉઠ્યો હતો.

કચ્છરત્ન પૂ. નરસી જેઠાભાઇ દંડના પાંચ સુપુત્રો ૧) શ્રી તિલોકચંદભાઇ ૨) શ્રી ડૉ. કાન્તીલાલભાઇ ૩) શ્રી છત્રપતીભાઇ ૪) શ્રી પ્રવીણભાઇ ૫) તથા શ્રી ભરતભાઇ. શ્રી પ્રવીણભાઇ ચોથા નંબરના સુપુત્ર હતા. એમની માતાનું નામ ગંગાબાઇ જે પુત્રોના કારકિર્દીના પ્રેરણાસ્ત્રોત હતા. રાયપુર નિવાસી (નાની સિંધોડી) શ્રી માણેકજી દેવજી મૈશેરીના આપશ્રી જમાઇ હતા. એમના પત્નીનું નામ વિજયાબેન. પુત્ર વિપુલ તથા વહુ સેજલ, તેમજ પુત્રી યોગિતા અને જમાઇશ્રી ચેતનભાઇ ચંદ્રકાંત પોલડીયા (અમદાવાદ) છે. દોહિત્ર તન્મય તથા પૌત્રી હિરલ અને પૌત્ર વેદાંત આ બહોળા શોકતપ્ત પરિવારને છોડી આપશ્રીએ વિદાય લિધી છે.

ગત દસ વર્ષથી પ્રવીણભાઇને પાર્કીસન્સની બિમારી હતી. પણ ફોન પર બધા સાથે બહોળો સંબંધ જાળવ્યો હતો. વિજયાબેને રાત-દિવસ ભોગ આપી એમની સુંદર સેવા કરી હતી. જે સાચેજ પ્રશંસનીય છે.

પરાર્થવ્યસની પ્રવીણભાઇએ જીવનની શરૂઆત જ પરોપકારના કાર્યોથી કરી હતી. મહારાષ્ટ્રમાં દુષ્કાળ પડ્યો હતો ત્યારે આપ અઢાર-વીસ વરસના હતા. મફતલાલ ગ્રુપે સુખડી વિતરણનું બહુ મોટું આયોજન કર્યું હતું. એમાં આપશ્રી રાત-દિવસની પરવા ન કરતા દૂરદૂર સુધી જઇ સેવા આપતા. લાંબા લાંબા પ્રવાસ ખેડતા.

'ક્લિષ્ટેતુ કૃપાપરત્વં' એ એમનું જીવનધ્યેય હતું.

પૂજ્ય અધ્ધાશ્રી (નરસીભાઇ) મલકાપૂર સંઘ તથા દેહરાસરના અધ્યક્ષપદે પાંત્રીસ વરસ સુધી રહ્યા. ત્યારો એમના માર્ગદર્શન હેઠળ કાર્યવાહકતા પ્રવીણભાઇના જ શિરે હતી. સામાજીક કાર્યો, ધાર્મિક પ્રવૃત્તિઓ, કે.ડી.ઓ. માટેની ચાલતી પ્રવૃત્તિઓમાં તેઓ પ્રવૃત્ત હતા.

આપશ્રીના વ્યવસ્થાપન હેઠળ સુમતિનાથ ભવન જે પરમપૂજ્યા જયલક્ષ્મીશ્રીજીના ચાતુર્માસ માટેની તાતી જરૂરત હતી એટલે તત્કાળ બંધાવ્યું. પ.પૂ. મણીપ્રભાશ્રીના પ્રેરણાથી દાદાવાડી બનાવી. તેમજ પરમપૂજ્ય મહોદયસૂરિભવન બનાવ્યું. તેમજ પ.પૂ. મહોદયસૂરિજી મલકાપૂર કાલધર્મ પામ્યા તેથી દાદાવાડી પર એમનું સ્મારક બનાવરાવ્યું. પલાશનેર, ચોપડા, બોધવડ, બુલઢાણા તથા ખિરકિયાના નૂતન મંદિર નિર્માણમાં સિંહ ફાળો નોંધાવ્યો.

તપચક્રવર્તી આચાર્ય ભગવંત ગુણોદયસાગરજીની એમના પર કૃપા હતી. પરમપૂજ્યા જયલક્ષ્મી મ.સા., તથા ખાનદેશરત્ના ડૉ. જયદર્શિતા મહારાજ સાહેબના બે ચાતુર્માસ. જે બહુ યાદગાર રહ્યા, તેનું સફલ આયોજન કર્યું. પ.પૂ. મધુરકંઠી પિયુષસાગરજીનો ચાતુર્માસ, મરૂધરજ્યોતિ મણીપ્રભાશ્રીજીનો ચાતુર્માસ, પ.પૂ. દેવરત્નસાગરજીનો ચાતુર્માસ, જે બહુ યશસ્વી રહ્યો. આ બધા કાર્યક્રમોનું વ્યવસ્થાપન આપશ્રીએ જ કર્યું હતું.

અચલગચ્છ હોય કે ખરતરગચ્છ અથવા તપાગચ્છ હોય, બધા મહારાજ સાહેબોની એમને કૃપા પ્રાપ્ત હતી. આપશ્રી સાધુ-સાધ્વી ભગવંતોના વૈયાવચ્ચમાં અંતરથી ઓતપ્રોત હતા. એમની પાસે ગચ્છનો ભેદ નહોતો.

સાધુ-સાધ્વીજી એમને સુપેરે ઓળખતા. હાલ વિદર્ભમાં વિચરણ કરતા આચાર્ય ભગવંત મહોદયસાગર, પ.પૂ. સંયમગુણાશ્રીજી, કલ્પપૂર્ણાશ્રીજી, કનકપ્રભાશ્રીજી, સમયગુણાશ્રીજી, વિજયપૂર્ણાશ્રીજી, આદિ ભગવંતોના વિશેષ આશીષ મળતા રહ્યા. આવતા-જતા બધા સાધુ-સાધ્વીજી ભગવંતો ઘેર આવી એમને મંગલ આશીર્વાદ આપી જતા.

આપ મહારાષ્ટ્ર એકમના કારોબારીના સદસ્ય હતા. યુવા મંચના કન્વીનર હતા. સંમેલનોનું સંચાલન તથા વ્યવસ્થાપન આપશ્રીનેજ ફાળે હતું. ભાંડકજી તીર્થે

આયોજીત યુવા મંચના સંમેલનની સંપૂર્ણ ધુરા આપશ્રીએજ વહન કરી હતી.

સમ્મેતશિખર, રાજસ્થાન, ગુજરાત, કચ્છ, ભાંડકજી આદિની તીર્થ યાત્રાઓનું સુંદર આયોજન કર્યુ હતું.

સાધુ-સાધ્વી ભગવંતોની સેવા વૈયાવચ્ચ એ એમનો પ્રિય વિષય હતો.

વિહાર કરતા બધા સંત-સાધ્વીઓ માટે બધી વ્યવસ્થા કરી આપતા. દવાની તથા આહારપાણીની, ઉતરવાની વ્યવસ્થા તથા તેમની સાથે સેવા માટે માણસોને મોકલવાની પણ વ્યવસ્થા કરતા. ગચ્છાભેદ વગર બધાને સંભાળતા તેથીજ કોઇપણ સાધુ-સાધ્વી હોય, પ.પૂ જયલક્ષ્મીશ્રીજી હોય કે પ.પૂ. મણીપ્રભાશ્રીજી હોય, પ.પૂ. પ્રીતીસુધાજી હોય કે પ.પૂ. સંયમગુણાશ્રીજી હોય બધાના તેઓ પ્રીતીપાત્ર હતા. વિશેષ સ્નેહભાજન હતા.

કચ્છશક્તિની 'ઉદ્યોગરત્ન' પદવીનું સન્માન તેમને મળેલ. 'ફર્સ્ટ મૉડર્ન ફેક્ટરી ઇન ઇન્ડીયા' તરિકે બુરહાનપુરના જીનીંગ પ્રેસીંગ યુનિટને ત્યારના પંતપ્રધાન અટલબિહારી બાજપેયીજીએ તેમને એવોર્ડ આપી સન્માનિત કર્યા હતા. આપશ્રી બેંકીગ તથા ટેક્સેશનનું ડિપાર્ટમેંટ સંભાળતા. તેમજ મલકાપૂર તથા બુરહાનપુરના જીનીંગપ્રેસનું તથા ઑઇલમિલનું બાંધકામ આપશ્રીની દેખરેખમાં જ થયું.

ગામમાં જરૂરતમંદોનું કામ પહેલા કરી આપતા. બધાની સમસ્યાઓનું નિરાકરણ કરતા. શ્રી ગૌરીશંકર સેવા ટ્રસ્ટના ઉપાધ્યક્ષ હતા. જેના નેજા હેઠળ ઇંગ્લીશ મીડીયમ હાયસ્કુલ તથા વિજ્ઞાન કૉલેજ ચાલે છે. 'નરસી જેઠાભાઇ સંસ્કાર પબ્લીક સ્કૂલ'ના ટ્રસ્ટી હતા.

આપશ્રી સફળ અને કુશળ કાર્યકર્તા, શ્રમણ શ્રમણીઓની અંતરથી વૈય્યાવચ્ચ કરનાર, ધર્મનિષ્ઠ કાર્યવાહક, યુવાઓના પ્રેરણાસ્થલ, સફલ આયોજક, સ્વભાવે પ્રેમાળ, ઉદારચેતા એવા સંનિષ્ઠ સેવક હતા. ગામને એકસૂત્રે બાંધી આગળ ચલાવનાર એવા મલકાપૂરના રતન અનંતની યાત્રાએ સિધાવી ગયા.

જીવન મળ્યું છે તો મૃત્યુ સ્વીકારવું જ રહ્યું.

એમના સદ્‌ગત આત્માને પ્રભુ સાચી શાંતિ આપે તથા મોક્ષમાર્ગના પથ પર અગ્રેસર કરે એજ પ્રાર્થના.

''કુછ આદમી જીંદાદિલ ઔર મસ્ત કલંદર હોતે હૈ,
દિલોંકો લુટનેવાલે ચાહે સિકંદર હોતે હૈ,
રહતે હૈ જમીન પર ફીર ભી વો અંબર હોતે હૈ,
આદમી કે રૂપમેં વે પૈગંબર હોતે હૈ'' ***

## કોરોના ઈફેક્ટ.... Positivity

કોઈપણ પરિસ્થિતીને પોઝિટિવ વિચારીએ તો Covid-19 એ શું શીખવાડ્યું ?

- જીવનમાં ''સ્વછતા'' લાવતા શીખવાડ્યું.
- ફેમીલી સાથે ''સમય વિતાવતા'' શીખવાડ્યું.
- બહારનું નહિ ''ખાવાનુ'' શીખવાડ્યું.
- વધારે ''કઠોળ'' ખાતા શીખવાડ્યું.
- પોતાની ફરમાઈશ વગરનું ''ગરમ અને ટાઇમસર'' જમતાં શીખવાડ્યું.
- બાળકોને બહારનું ''જંકફુડ'' નહીં ખાવાનું શીખવાડ્યું.
- મૃત્યુ પાછળ ''બેસણા'' ન કરવાનું શીખવાડ્યું.
- ''લગ્ન પ્રસંગ'' માં ખોટા ખર્ચા ન કરવાનું શીખવાડ્યું.
- હોટેલ /શોપિંગ ની આદત જેવા ''ખર્ચા'' માંથી બચવા શીખવાડ્યું..
- "Birthday, Congratulations, Get well soon and sympathy જેવી દરેક લાગણી social media, Mobile થી આપતા શીખવાડ્યું.
- ''પાન-મસાલા'' ઘરે બનાવતાં શીખવાડ્યું.
- છોકરાઓને ઘરે ''ટયુશન'' કરાવતા શીખવાડ્યું.
- બાળકો ને ઓનલાઇન ''શિક્ષણ'' લેતા શીખવાડ્યું.
- ઈસ્ત્રી વગર ના ''કપડાં'' પહેરતા શીખવાડ્યું.
- રોજ ઘરે ''સેવીંગ'' કરતા શીખવાડ્યું.
- ઘરે દિકરાના ''વાળ'' કાપતા શીખવાડ્યું.
- શારીરિક ''કસરત અને યોગ'' કરતાં શીખવાડ્યું.
- શરીરને માનસિક, શારીરિક ''આરામ'' આપતા શીખવાડ્યું.
- રસોડામાં પત્નીને ''મદદ'' કરતા શીખવાડ્યું.
- ભગવાનની ''પૂજા-પાઠ'' દરરોજ ઘરે જ કરતાં શીખવાડ્યું.
- પોલીસ, ડોક્ટર, નર્સ અને સફાઈ કર્મચારીઓનું ''સન્માન'' કરતાં શીખવાડ્યું.
- આપણા જીવની ''કિંમત'' શીખવાડી.
- ઓછી આવકમાં ઘર કઈ રીતે ''ચલાવવું'' તે શીખવાડ્યું.
- માણસને ''માણસાઈ'' શિખવાડી.

આટલું જીવનમાં દરરોજ કરીએ તો એક સુખી થવાનો અવસર છે. Covid-19 શાપ નથી, સમજો તો એક બોધ પાઠ છે.

સંકલન : **કુમારભાઇ દંડ**, ભાંડુપ

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૧૫



લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

વૈદિક, હિન્દુધર્મનાં સિદ્ધાંતોથી અવગત થતાં આપણને તેનો પ્રભાવ જૈન અને બુદ્ધ ધર્મમાં પણ મળે છે.

હવે આપણે વિશ્વના એક મોટા ધર્મની ચર્ચા કરીશું તે આજે વખણાય પણ છે અને વગોવાય પણ છે અને તે છે **''ખ્રિસ્તી ધર્મ.''**

હિન્દુઓ જેમ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ત્રિત્રયીને માને છે તે જ પ્રમાણે ખ્રિસ્તી ધર્મ પણ માને છે કે ભગવાન પોતાની જાતને ત્રણ સ્વરૂપોમાં પ્રકટ કરતા હોય છે.

(૧) પરમપિતા પરમાત્મા, (૨) ભગવાનના એકમાત્ર સંતાન ઈસુ, (૩) પવિત્ર આત્મા.

ખ્રિસ્તી ધર્મ માને છે કે પરમેશ્વર છે, તેઓ એકમાત્ર છે, તેઓ સમગ્ર જગતના પિતા છે, તેઓ સર્વજ્ઞ છે, તેઓ સર્વ શક્તિમાન છે, તેઓ સર્વવ્યાપી છે, તેઓ પરમ પવિત્ર છે, તેઓ પરમ ન્યાયી છે, તેઓ પરમ કરુણામય છે, તેઓ પરમ પ્રેમમય છે, તેઓ નિર્વિકાર છે, વિશ્વમાં જે કાંઈ છે તે બધી જ તેઓની કૃતિ છે. તેઓએ જ બધું બનાવ્યું છે, સ્ત્રી-પુરુષને પણ તેઓએ જ ઘડ્યા છે. એ જ રીતે પશુ-પક્ષી અને બાકીના જગતને પણ તેઓએ ઘડ્યું છે.

સમગ્ર સંસાર એ પરમ પરમાત્માના બનાવેલા નિયમો મુજબ જ ચાલે છે. અનુભવ અથવા અંતરબોધથી તેઓના અસ્તિત્વની જાણ થઈ શકે છે.

ખ્રિસ્તીઓના મત અનુસાર પ્રભુ ઈસુ એ પરમાત્માનો એકમાત્ર સંતાન છે. તેઓ પરમાત્મા અને મનુષ્યની વચ્ચેની કડી છે. તેઓ મનુષ્યના રૂપમાં પેદા થયા હતા. તેઓ મનુષ્યોની વચ્ચે રહ્યા. તેઓએ મનુષ્યોને ઉપદેશ આપ્યો. તેઓએ વિવિધ પ્રકારના કષ્ટો સહન કર્યા અને છેલે ક્રોસ પર લટકીને પોતાનો પ્રાણ જગતને અર્પણ કર્યો તેઓનું પૂનસ્થાન થયું હતું અને તેઓ સ્વર્ગે ગયા હતા.

ભગવાન ઈસુ આ જગત ઉપર શા માટે અવતર્યા હતા. તેઓના જીવનનું ધ્યેય-ઉદ્દેશ શું હતું આ વાત તેઓએ તેઓના જીવનકાળ દરમિયાન બતાવી છે. તેને આપણે તપાસી જઈએ.

ભગવાન ઈસુનું કહેવાનું હતું કે કાયદો-કાનુન સમજાવવા અને પયંગમ્બરની વાતો પૂરી કરવા તેઓનું પૃથ્વી પર આગમન થયું હતું. જે લોકો માર્ગ ભુલી ગયા હતા અને લાંબા લાંબા કર્મકાંડ, પૂજાપાઠ, તાવીજ-દોરાને જ સર્વસ્વ માની બેઠા હતા. તેઓને સાચો રસ્તો બતાવવા તેઓ આ પૃથ્વી પટ ઉપર આવ્યા હતા.

તેઓએ જણાવ્યું છે કે પરમાત્મા જ સત્ય છે. તેઓ અંગેનું સાચું જ્ઞાન મેળવવું એ જ જીવનનું ધ્યેય હોવું જોઈએ. પરમ પરમાત્માને પામી લેવાથી જ લોકો પાપની ગુલામીમાંથી છુટી શકશે.

**ખ્રિસ્તીઓના દેવળ :-**

સમગ્ર વિશ્વમાં ફેલાયેલા ખ્રિસ્તીઓ સૌ-સૌના નગર, મહાનગર કે નાના ગામમાં દેવળ ઊભા કરી ત્યાં પરમાત્મા અને પ્રભુ ઈસુ સમક્ષ પ્રાર્થના કરતા હોય છે. બધા જ દેવળોમાં સૌથી ઊંચું દેવળ પોપનું દેવળ છે અને પોપને બધા જ ખ્રિસ્તી સૌથી મોટા ધર્માધિકારી માને છે.

**બાઈબલ :-**

બાઈબલના બે ભાગ છે. એક છે પુરાણી બાઈબલ અને એક છે નવી બાઈબલ. પહેલી છે પુરાણી ધર્મ-નિયમો ધરાવતું પુસ્તક અને બીજી છે નવી ધર્મ-નિયમો જણાવતું પુસ્તક. આમ ખ્રિસ્તી ધર્મમાં પુરાણો ધર્મગ્રંથ છે અને નવો ધર્મગ્રંથ પણ છે.

**ખ્રિસ્તી ધર્મનો મૂળ આધાર :-**

ખ્રિસ્તી ધર્મ પ્રેમ અને અહિંસાના પાયા ઉપર ઊભો છે. સેવા અને ન્યાય તેની આધાર-શિલા છે.

ઈસુનું પવિત્ર જીવન તેનો પ્રકાશ-સ્તંભ છે.

ખ્રિસ્તી ધર્મ કહે છે-

- એકબીજા પ્રત્યે પ્રેમ રાખો, શત્રુને પણ પ્યાર કરો, અપરાધીને ક્ષમા બક્ષો.
- પાપની ઘૃણા કરો, પાપીની સેવા કરો.
- દુ:ખી અને પીડિતોના માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરો.

આ છે પ્રભુ ઈસુનો સંદેશ જેને અસંખ્ય મિશનરીઓ દુનિયાના ખૂણે ખૂણે ફેલાયેલા ખ્રિસ્તીઓને પહોંચાડે છે.

સાચો ખ્રિસ્તી તે છે જે મનુષ્યમાત્રને પ્રેમ કરે છે અને પ્રાણી માત્રની સેવા માટે પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરવા માટે સદા તૈયાર રહે છે. (વધુ આવતા અંકે...)

**''જે સામે હોય તેની ખોજ શેની ?**
**જે સર્વત્ર હોય તેનો સંગ્રહ શેનો ?**
**જે છલોછલ છે તેને જાણવું-સમજવું શું ?''**
**(સૌજન્ય : શ્રી સુભાષ ભટ્ટ, અનહદ બાની માંથી)**

## ધરમશી બલસારા કુટુંબનો ઝળહળતો સિતારો

**ચિ. તમન્ના વૈભવ સોમ ધરમશી**
**પવઈ-મુંબઈ, મંજલ-રેલડીયા**



CBSE (ધોરણ-૧૦)માં ૯૫.૪% માર્કસથી ઉર્તીણ
પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ-પવઈમાં હેડ-મોનીટર અને એમ્બેસેડર.
નૃત્યકલા-કરાટેમાં નિપૂણતાનાં સર્ટીફિકેટ,
ભવિષ્યની ઉજ્જવળ કારકિર્દી માટે અંતઃકરણપૂર્વક આર્શિવાદ

:: પ્રેષક ::
**માતૃશ્રી વાલબાઈ વિશનજી ધરમશી પરિવાર**
**શ્રીમતી હીરા નેણશી ખોના**
**શ્રીમતી ઝરીનબેન બહેરામજી બલસારા પરિવાર**

## અભિનંદન



**ચી. રાહુલ રાકેશ છેડા** ને
**PUC-IInd Year (PCMC) ની**
**પરીક્ષામાં 95.17% માર્કસ મેળવવા બદલ અભિનંદન**
માતા-પિતા : **રેખા રાકેશ છેડા** (હુબલી)
દાદાણાં : **હર્ષા હીરાચંદ હીરજી છેડા** (ગદગ)
નાનાણાં : **હંસા દીપક પુનશી નાગડા** (ઈચલકરંજી)

## પાસ થયા અભિનંદન



**ચિ. મિહીકા** ને
**માધ્યમિક બોર્ડ (S.S.C.) ની**
**પરીક્ષામાં 98.02% માર્કસ મેળવવા બદલ અભિનંદન**
દાદી-દાદા : **જયાબેન હીરજી નાગશી મોમાયા** ડુમરા-ઘાટકોપર
નાની-નાના : **હીરાબેન નવીનચંદ્ર પિતામ્બર પટેલ,** સાંધવ-કલકતા
માતા-પિતા : **મમતા ચેતન હીરજી મોમાયા,** ડુમરા-કલકતા

॥ શ્રી મહાકાળી માતાય નમઃ ॥ ॥ શ્રી સંભવનાથાય નમઃ ॥ ॥ શ્રી ગુણસાગરસૂરીભ્યો નમઃ ॥

શ્રી સંઘ સ્થાપના ૧૯૭૨

# શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘની



તપચક્ર ચક્રવર્તી જિનશાસન શિરોમણી અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.
**શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા. ને ભાવભરી વંદના...વંદના...વંદના**
પ્રાણપ્યારા ગુરૂદેવ, અમ બાળકોથી શું ભુલ થઈ...
આમ અચાનક અમારા વચ્ચેથી આપશ્રીની વિદાઈ થઈ...
મહેંક રહીથી ધરતી સારી, ગુરૂવર તુમ્હારે પ્રભાવસે,
યશ ડંકા ચારોં દિશા મેં,
ગુણોદયસાગરસૂરીશ્વરજી આપકે પ્રભાવસે...
અને સાહેબ આપ અમ બાળકોને રડતા મુકીને....

**ગુરૂજી હતા અમારા મનના મોતી, ગગનમાંથી કોક લાવે ગોતી, આંખડી અમારી હીબકે રોતી, વંદન કરવા વાટલડી જોતી...**
**અને સાહેબ હવે અમે સાક્ષાત વંદન ક્યારે કરશું....**

શ્રી સંઘ કહેશે :- ભાવોની ભવ્યતા, આસ્થાની અસ્મિતા, શ્રધ્ધાની સ્થિરતા, ભક્તિની સરળતા,
સમર્પણની શુધ્ધતા આપનાં ચરણોમાં શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘના દરેક બાલ-ગોપાલ-વડીલોની ભાવભરી વંદના

## લિ. શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

* શ્રી અશોક સોમચંદ દંડ - વરાડીયા * શ્રી ધીરજલાલ ભુલાભાઈ ગાલા - ડુમરા
* શ્રી અશ્વીન વાલજી ધરમશી - કોઠારા * શ્રી કિરણ વેરશી ગડા - ચિયાસર

સમય પ્રવાહ

# ધર્મસ્થાનોની જાળવણી – એક સમસ્યા, એક પડકાર

– પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો. 9978903247



થોડા સમય પહેલાં શ્રી પ્રવીણભાઈ લોડાયાએ પ્રકાશ સમીક્ષાના માધ્યમથી પોતાના લેખ 'આ અબ લૌટ ચલે' માં આપણી માતૃભૂમિ કચ્છમાં વિદ્યમાન આપણા દેરાસરોની હાલત જોઈને અફસોસ જાહેર કરેલ, અને જ્ઞાતિજનોને ખાસ કરીને વરિષ્ઠ જ્ઞાતિજનોને કચ્છમાં પુનઃવસવાટ કરવા અનુરોધ કરેલ; અને તેના માટે અનેક કારણો આપેલ, જેમાંનું એક કારણ આપણા જિનાલયોની દેખરેખ અને સેવાપૂજા પણ હતું. થોડા દિવસો પહેલાં ભુજના એક જ્ઞાતિજન શ્રી હેમંતભાઈ જીવાણીએ મને વ્યકતિગત વોટ્સઅપ સંદેશ દ્વારા આજ બાબતનું પુનરાવર્તન કર્યું. કેટલીક જૈન સંસ્થાઓ જેમકે કચ્છી જૈન સમાજ, જૈન સોસીઅલ ગ્રુપ, જૈન જાગૃતિ ગ્રુપ, અચલ ગચ્છ તેમજ તપ ગચ્છ સાથેના મારા સંપર્કના કારણે હું મારા વ્યક્તિગત તારણ પર આવ્યો છું, કે સમગ્ર જૈન સમુદાયને મુખ્યત્વે ત્રણ સમસ્યાઓ સતાવે છે; જે છે ઘટતી જતી જૈનોની સંખ્યા, તૂટતી જતી સામાજિક વ્યવસ્થા તથા સામાજિક માળખાઓનો ઘસારો અને ધાર્મિક સંસ્કૃતિની જાણવણી. અનેક સાધુ ભગવંતોએ પણ આ બધા વિષયો પર પોતાના વિચારો રજુ કરેલ છે. મેં સમયે સમયે પ્રકાશ સમીક્ષાના માધ્યમથી ઘટતી જતી જન સંખ્યા, તૂટતી જતી સામાજિક વ્યવસ્થા તથા સામાજિક માળખાઓનો ઘસારો આ વિષયો પર આંકડાઓ સાથે વિગતવાર લેખો લખીને જ્ઞાતિમાં પ્રવર્તમાન વસ્તુ સ્થિતિને ઉજાગર કરવાની કોશિશ કરેલ છે. ધર્મ બાબત મારું જ્ઞાન અને માહિતિ બહુજ અલ્પ હોવાથી આ વિષય પર લખવાની મારી ઘણી મર્યાદાઓ છે છતાં મારા કેટલાક વિચારો ક્ષમા પ્રાર્થના સાથે રજુ કરૂં છું.

ટી. વી. ની એક ચેનલ 'એપિક' પર 'એકાંત' નામની એક શ્રેણી પ્રસારિત થાય છે, જેમાં ભારતના જેને 'હેરિટેઈઝ' કક્ષામાં ગણી શકાય તેવા; પણ લગભગ ઉપેક્ષિત એવા પ્રાચીન સ્થળોની વિસ્તૃત માહિતી આપવામાં આવે છે. આવા સ્થળોમાં મુખ્યત્વે મંદિરો, ગઢ અને કિલ્લાઓ, હવેલીઓ, મહેલો, મઠ, ગુફાઓ, વિશિષ્ટ વાવ કે કુવા, મીનારાઓ કે સ્તૂપો, મહાવિદ્યાલયો (નાલંદા, તક્ષશિલા ઉદાહરણ તરીકે) વસાહતો અને કેટલાક નગર (જેના અવશેષ કે ખંડેરો બાકી રહ્યા હોય છે, જેમકે ધોળાવીરા કે મોહેં જો ડેરો ના અવશેષો) પણ સામેલ છે. ભારત સરકાર દ્વારા પુરાતત્વ વિભાગની રચના કરવામાં આવેલ છે, જેનું મુખ્ય કામ આવા ઐતિહાસિક અને દુર્લભ સ્મારકો કે ઇમારતોનું સંરક્ષણ કરવાનું છે, પણ ભારતની વિશાળતા અને વૈવિધ્યના કારણે કદાચ આ વિભાગની ક્ષમતા ઓછી પડે છે. માત્ર ભારતમાં નહીં, પણ સમગ્ર વિશ્વમાં લગભગ દરેક દેશોમાં ઐતિહાસિક સ્થળો કે સ્મારકોની જાળવણીની સમસ્યા પ્રવર્તમાન છે.

પરિવર્તન એ સતત પ્રક્રિયા છે અને ઘસારો, ઉપેક્ષા, અવગણના અને અવમૂલ્યન પણ આ પ્રક્રિયાનો ભાગ છે. દરેક પરિવર્તન પ્રગતિ નથી હોતી. કાળના ગર્ભમાં અને સમયની થપાટોના કારણે અનેક સલ્તનતો, સામ્રાજ્યો, સંસ્કૃતિઓ, સંપત્તિઓ, ભાષાઓ, બોલીઓ, વાડી, વઝીફા, ઝર, જમીન, જમીનદારી, વસ્તીઓ, વિરાસતો અને વંશો લુપ્ત થઇ ગયા છે. જેનું નામ છે તેનો નાશ પણ નક્કી છે; અને સર્જન તથા વિસર્જન કે વિધ્વંશ એ પણ સમયોચિત પ્રક્રિયા છે. કાળની થપાટ અને કહેર તથા કુદરતના ક્રોધ કે કોપ આ બે પરિબળો સામે માનવી લાચાર છે, જેનો પરચો કોરોના નામના અદશ્ય વિષાણુઓએ આપેલ છે. કાળના પ્રવાહ, પ્રભાવ, અને ક્યારેક પ્રકોપ અને પ્રહારથી કોઈ પણ બચી શકે તેમ નથી, જેમાં ધર્મ અને ધર્મસ્થાનો પણ સામેલ છે; છતાં આપણે આપણા ધર્મ, ધાર્મિક પરંપરા અને દેવસ્થાનોનાં સંરક્ષણ માટે બનતા પ્રયત્નો અને પ્રયાસ કરીએ અને પરિણામ ઈશ્વર પર છોડી દઈએ

ભારતમાં મંદિરો એ આસ્થા, શ્રદ્ધા અને ભક્તિના સ્થાનો માનવામાં આવે છે, અને ભક્તો પોતાની આસ્થા અને આર્થિક સ્થિતિ પ્રમાણે મંદિરોમાં આર્થિક દાન આપે છે; એટલે ભારતના ઘણા મંદિરો પાસે એટલી બધી સ્થાવર અને જંગમ મિલ્કતો છે, જે કદાચ ભારત સરકારના ખજાના કરતાં પણ વિશેષ છે. કેરલાના પદ્મનાભન મંદિર, તિરૂપતિ બાલાજી મંદિર, પુરીનું જગનાથ મંદિર, શિરડી સાઈબાબા મંદિર, મુંબઈનું સિદ્ધિ વિનાયક મંદિર વગેરે મંદિરો તેમની જાહોજલાલી અને આવક માટે જગ વિખ્યાત છે. પ્રાચીન ભારતમાં ગુજરાતનું સોમનાથ મંદિર, જે તે જમાનામાં સમૃદ્ધ મંદિર હતું તેને લૂંટવા માટે મહમુદ ગઝનવીએ અનેક વાર આક્રમણ કરેલ. ભારતમાં જયારે મુઘલ સામ્રાજય હતું ત્યારે અનેક હિન્દૂ તેમજ જૈન મંદિરોને તોડી લૂંટી ને તેને મસ્જિદ બનાવવાના કિસ્સા તો ગણ્યા ગણાય નહીં તેટલા છે.

મંદિરો લૂંટારા કે બહારવટિયા માટે કાયમ આકર્ષણ રહ્યા છે, કેમકે એક તો તે આર્થિક રીતે સમૃદ્ધ હોય છે; પ્રમાણમાં ત્યાં ચોકીદારી મર્યાદિત હોય છે; અને વધારામાં તે સાર્વજનિક સંપત્તિ હોય છે. અમારા એક સ્વર્ગીય સંબંધીએ મને એક વાર બચપણમાં એક વાત કહેલ, જે યથોચિત લાગતાં રજુ કરૂં છું. લગભગ ૭૦-૮૦ વર્ષ પહેલા કચ્છ અને કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર) પ્રદેશમાં ભુપત ડાકુ કે બહારવટિયાનો બહુ જ ઉત્પાત હતો,

ત્યારે અમારા કોઠારા ગામના દેરાસરના ભગવાનના મૂલ્યવાન આભૂષણો દેરાસરના પરિસરમાં કોઈ ગુપ્ત જગ્યાએ ભીંતમાં ચણી દીધેલ. તાજેતરમાં કોરોનાના સંકટના કારણે મોટા ભાગની રાજ્ય સરકારો અને કેન્દ્રીય સરકારની પણ આર્થિક હાલત સારી ના હોવાથી કેટલાક રાજકારણીઓ મંદિરોનો વહીવટ સરકાર હસ્તગત કરવા માટે તરફેણ કરે છે અને મંદિરોની સંપત્તિનો સરકાર પોતાના વહીવટ અને ખર્ચા માટે વાપરે તે બાબત પ્રસ્તાવ પણ રજુ કરવાની વાત સમાચાર પત્રોમાં આવેલ પણ સદભાગ્યે આ બાબતમાં હજી સુધી કોઈ કાર્યવાહી નથી થઈ.

મંદિરોની જાળવણીની સમસ્યા માત્ર જૈન મંદિર કે દેરાસરો પૂરતી મર્યાદિત કે સીમિત નથી રહી; અનેક હિન્દૂ મંદિરોની પણ આવી જ હાલત છે. સુરતમાં તાજેતરમાં એક ઘટના સામે આવેલ છે, જેમાં તાપી નદીના કિનારે શંકર ભગવાનનું એક મંદિર છે, જેમાં ભક્તો ભાગ્યેજ દર્શન માટે આવતા અને તે જર્જરિત કે બિસ્માર હાલતમાં અવાવરૂં જેવું થઇ ગયું. મોકો જોઈને કેટલાક વિધર્મીઓએ તે મંદિરનો કેટલોક ભાગ તોડીને ત્યાં મસ્જિદ બનાવવાનું ચાલુ કર્યું. કોઈ ભાઈએ આ વાત મહાનગર પાલિકાના સ્થાનિક કોર્પોરેટરના ધ્યાન પર લાવી અને તેના રાજકીય હસ્તક્ષેપથી હાલ મસ્જિદનું કામ સ્થગિત થઇ ગયું.

થોડા સમય પહેલાં સોસીઅલ મીડિયા પર એક વિડિઓ વાઇરલ થયેલ, જેમાં કોઈ ભાઈએ સુરતના એક જમાનામાં જૈનોના ગઢ ગણાતા વિસ્તારો ગોપીપુરામાં લગભગ નાના મોટા ૮૫ જિનાલયો છે, જેમાંથી માત્ર ૬-૭ જિનાલયોમાં જ શ્રાવકો સેવા પૂજા કરે છે, બાકીના દેરાસરોમાં મોટા ભાગે અજૈન એવા પગારદાર પુજારીઓ જ ભગવાનની સેવા પૂજા કરે છે તે બાબતે ચિંતા વ્યક્ત કરતા સૌ જૈનોને આ બાબત ઘટતું કરવા વિનંતી કરેલ. સુરતના ગોપીપુરા, શાહપુર, નાણાવટ અને વડાચૌટા આ વિસ્તારો લગભગ પાંચ વર્ગ કિલોમીટર ક્ષેત્રફળમાં ફેલાયલ છે, અને કદાચ નાનામોટા બધા મળીને સોએક જેટલા જિનાલયો તેમાં વિદ્યમાન હશે, તેમાંથી લગભગ દશેક જિનાલયોમાં જ શ્રાવકો નિયમિત જાય છે, બાકીના જિનાલયોની હાલત પણ બહુ સારી નથી, તેવું બિનસત્તાવાર રીતે જાણવા મળે છે. આ વિસ્તારોમાં વિધર્મીઓએ બહુ જ મોટા પ્રમાણમાં વસવાટ કરતા, મોટા ભાગના જૈન અને હિન્દૂ પરિવારોએ શહેરના નવા વિકસિત વિસ્તારોમાં સ્થળાંતર કરેલ છે. થોડા સમય પહેલાં ગોપીપુરામાં સાધ્વીજી મહારાજની અસામાજિક તત્વો દ્વારા છેડતીનો બનાવ બનેલ અને કોઈ બહેને સાધ્વીજીઓને સ્વબચાવ માટે જ્યુડો કરાટે અને તેમાં દંડક કેવી રીતે વાપરવા તેના માટે તાલીમ આપવાનું ચાલુ કરેલ; જે ઘટના તે સમયે મોટા ભાગના સમાચાર પત્રોમાં મુખ્ય સમાચાર તરીકે સ્થાન પામેલ.

થોડા સમય પહેલાં અમદાવાદના એક જૈન શ્રાવકે જણાવેલ કે આવી જ સમસ્યા અમદાવાદના જુના વિસ્તારો કે પોળોના વિસ્તારમાં છે, તેથી ત્યાંના કોઈ ટ્રસ્ટે માત્ર ૧૫૦ રૂપિયામાં શ્રાવકોને લગભગ દશેક જેટલા પ્રાચીન જિનાલયોમાં સેવા પૂજા કરવા માટે ઓટોરિક્ષાની વ્યવસ્થા પણ કરેલ છે; તથા નવનિર્મિત અને નિર્માણાધીન જિનાલયોમાં પ્રભુજીની પ્રતિમા જુના અને પ્રાચીન દેરાસરોમાંથી લઇ જઈને પુનઃ સ્થાપિત કરવાનો પ્રસ્તાવ પણ વિચારવંત છે. આમ આપણા (સૌ જૈનોના) જિનાલયો જેમ જેમ શ્રાવકોની સંખ્યા ઓછી થતી જાય છે તેમ તેમ સમસ્યાગ્રસ્ત થતા જાય છે. માત્ર જિનાલયો નહીં પણ આપણા તીર્થસ્થાનો પણ હવે તેમની પવિત્રતા, પ્રભાવ અને પુણ્યશીલતા પણ ગુમાવી રહ્યા છે અને પ્રવાસધામ કે પર્યટનના સ્થાનો જેવા થવા લાગ્યા છે, જેના માટે શ્રાવકોના શિથીલાચાર ઉપરાંત સરકારી તંત્ર પણ જવાબદાર છે; જે ટુરિઝમના પ્રચાર, પ્રસાર અને મનોરંજનની સુવિધાઓ ઉભી કરીને કમાણી કરવાની તકો શોધે છે. પાલીતાણા અને સમેત શિખરજી આ બે તીર્થસ્થાનોમાં જે સરકારી કામગીરી થઇ રહી છે, તે આપણા જૈન ધર્મના સિદ્ધાંતો અને સમાચારીથી વિરૂધ્ધ છે. આજકાલ સોસીઅલ મીડિયામાં આ બાબત બહુજ સંદેશાઓ આવ્યા કરે છે. કેટલાક તીર્થસ્થાનો પર હિંદુઓ પોતાનો હક્ક જમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે તો ક્યાંક શ્વેતામ્બર અને દિગ્મબર સમુદાયો વચ્ચે મતભેદ ચાલે છે.

કેટલીકવાર ધરતીકંપ, પૂર, હિમપ્રપાત, જવાળામુખી વિસ્ફોટ અને ભૂસ્ખલન જેવા ઈશ્વરીય કે કુદરતી કારણોના લીધે દેવાલયો અને જિનાલયોને નુકશાન થાય છે, જેમાંના કેટલાક મંદિરો શ્રધાળુઓનાં સહયોગ અને વહીવટકર્તાઓના પ્રયત્નોથી પુનઃ નવજીવીત થાય છે. વર્ષ ૨૦૦૧માં આવેલ ધરતીકંપમાં ભદ્રેશ્વરના દેરાસરોને સારું એવું નુકશાન કે ક્ષતિ થયેલ, પણ ત્યાર પછી તેનું યોગ્ય સમારકામ થવાથી પુનઃ કાર્યરત છે. કચ્છના ઘણા દેરાસરો પણ ૨૦૦૧ના ધરતીકંપ પછી આ પરિસ્થિતિમાંથી પસાર થયા છે. કોઈએ કલ્પ્યું પણ નહીં હોય કે કોરોના જેવી

બીમારીના કારણે દેરાસરો અને તીર્થસ્થાનો બંધ રહેશે. કોઈ વાર યુદ્ધ, કોમી હુલ્લડ, (કોમ્યુનલ રાયોટ્સ) અને આંતરિક લડાઈ જેવા માનવ સર્જિત કારણોસર પણ ધાર્મિક સ્થાનોને નુકશાન થાય છે. કેટલીક વાર દેશ કે રાષ્ટ્રના વિભાજનના કારણે, કે તદ્દન વિપરીત (વિકૃત અને કુંઠિત) વિચાર ધરાવતા કે કટ્ટરવાદી અથવા નાસ્તિક વિચારધારા ધરાવતા સત્તાધીશોના ઉદય જેવા રાજકીય કારણોસર સામુહિક માનવ વિસ્થાપન કે હિજરત થવાના કારણે પણ ધાર્મિક સ્થાનોની અવગણના થાય છે,અને અંતે તે અવાવરૂ કે ખંડેર જેવી સ્થિતિમાં આવી જાય છે. અફગાનિસ્તાનમાં જગ વિખ્યાત બામીયન બુદ્ધની પ્રતિમાનું તાલિબાન દ્વારા વિધ્વંશ એ આવી ઘટનાનું ઉદાહરણ છે. કેટલાક યુરોપીઅન દેશોમાં વિધર્મીઓ બહુમત અને સત્તામાં આવતાં, ખ્રિસ્તીઓના ચર્ચોનું મસ્જિદમાં પરિવર્તન થવાના પણ સમાચારો વારંવાર જોવા કે સાંભળવામાં આવે છે. હાલમાં પાકિસ્તાનમાં એક ગુરૂદ્વારાને તોડીને ત્યાં મસ્જિદ બનાવવાની હિલચાલ થઇ રહી છે, જેનો શીખો દ્વારા વિરોધ પ્રદર્શિત થઇ રહ્યો છે. ભારતના સૌથી વધારે ચર્ચાસ્પદ કે વિવાદાસ્પદ એવા અયોધ્યાના બાબરી મસ્જિદ કે રામ જન્મભૂમિ એ આવા પ્રકારના કિસ્સાનું સૌથી મોટું ઉદાહરણ છે જેમાં મંદિર પછી મસ્જિદ અને હવે ભવ્યત્તમ ભવ્ય રામ મંદિરની રાજકીય સમર્થન અને સહાય દ્વારા નવનિર્માણની શરૂઆત એ અભૂતપૂર્વ ઘટના કહી શકાય. દરેક ધર્મસ્થાનોનું આવું પુનર્નિર્માણ નથી થતું, અને મોટા ભાગના ધર્મસ્થાનો કાલની થપાટો તથા માનવીય મર્યાદાઓના કારણે ઉપેક્ષિત, વિસ્મરિત, અજ્ઞાત અને અંતે ઓજલ કે અદ્રશ્ય થઈ જાય છે.

કચ્છમાં આપણા દેરાસરોનો વહીવટ મોટા ભાગે મહાજનો દ્વારા ચાલતો હોય છે, અને કેટલાક મહાજનો દેરાસર ઉપરાંત અન્ય સંલગ્ન કે વિભિન્ન પ્રવૃત્તિ જેમકે મહાજન વાડી (માજન વાડી), બહુહેતુક પ્રકલ્પો, ધાર્મિક પાઠશાળા, ઉપાશ્રય, પૌષધશાળા, ભોજન શાળા, ધર્મશાળા, અતિથિગૃહો, સેનિટોરિયમ, પાંજરાપોળ, બાલાશ્રમ, દવાખાના જેવી ઈત્તર પ્રવૃત્તિ પણ કરતાં હોય છે તેથી જયારે માતૃ સંસ્થા દેરાસરને જે અસર પડે તેની આડઅસર આ પેટા સંસ્થાઓ પણ પડે, તેથી આ બાબત એ એક ગંભીર સમસ્યા બની શકે છે. આપણા મહાજનોના હસ્તક બહુ બધી અસ્કયામતો છે અને કચ્છમાં આપણી વસ્તી ઘટતી જશે તો આ અસ્ક્યામતોની સાચવણી પણ જિનાલયોની સાચવણી જેવી જ મુશ્કેલ બાબત થવાની શક્યતાઓ છે. ક્ષમા સાથે આ પરિસ્થિતિની તુલના પ્રવર્તમાન પરિસ્થિતિ સાથે કરી શકાય, કે ઘરમાં બેસીને કોરોનાની બીમારીના સંક્રમણથી આપણને બચાવવા કે સંક્રમણની શક્યતાને અવગણીને ધંધા રોજગાર જેવી અર્થ ઉપાર્જન માટેની પ્રવૃત્તિ કરવી. મતલબ કે ધાર્મિક સ્થાનોની દેખરેખ માટે કચ્છમાં સ્થાઈ થવું કે આર્થિક પ્રગતિ માટે અન્ય સ્થળે વસવાટ કરવો. સમસ્યા જયારે ગંભીર હોય ત્યારે તેનો ઉકેલ પણ જટિલ અને મુશ્કેલ હોય છે, જે તાત્કાલિક કે ત્વરિત ના હોય. આ પણ કોરોનાની રસી શોધવા જેવું કપરું કામ છે.

કચ્છમાં આપણી જ્ઞાતિની ઘટતી જતી વસ્તીના કારણે આપણા જિનાલયોની યોગ્ય સારસંભાળ, દેખરેખ અને જાળવણી નથી થતી તેમ મોટા ભાગના જ્ઞાતિજનોનું માનવું છે. પણ આ પરિસ્થિતિ આપણા કાબુની બહાર છે. ગુજરાતીમાં એક કહેવત છે ‘પહેલાં ભોજન પછી ભજન’ કે’ પહેલાં કર્મ પછી કીર્તન’ એટલે પહેલાં અર્થ ઉપાર્જન (દ્રવ્ય) પછી સર્જન (દેરાસર). તે ઉપરાંત એક બીજી કહેવત કે ચોવક એ છે કે’ ક્ષત્રિયના રૂપિયા જાય ધીંગાણે, બ્રાહ્મણના રૂપિયા જાયે ભાણે; પટેલોના રૂપિયા જાય આણે, અને વાણિયાના રૂપિયા જાય પાણે.’ મતલબ ક્ષત્રિયો પોતાના પૈસા લડાઈઓ પાછળ, બ્રાહ્મણો પોતાના પૈસા જમણવારો પાછળ, પટેલો પોતાના પૈસા કરિયાવર પાછળ અને વાણીયા એટલે કે જૈનો પોતાના પૈસા દેરાસર પાછળ વાપરે છે. જૈનોના આ અભિગમના કારણે કોઈ પણ સરકારી આર્થિક સહાય વગર જૈનો દેરાસરોનું સર્જન, સાચવણી અને સમારકામ કરે છે; આ બાબતમાં જૈનો આત્મનિર્ભર છે. કર્મ અને ધર્મના સંઘર્ષમાં હાલ તો કર્મનું પલડું ભારી લાગે છે. વર્તમાન સમયમાં આજ હાલત જોવા મળે છે, કે દેવાલયો બંધ છે જયારે દુકાનો, કારખાનાઓ અને કાર્યાલયો ચાલુ છે. કેટલીક સમસ્યાઓ કોરોના જેવી હોય છે જેને પ્રારંભમાં આપણે એમ માનીએ કે કોરોનાને હરાવીને રહીશું, પણ પછી થોડા સમયના અવિરત સંઘર્ષ બાદ આપણે સ્વીકારી લીધું કે હવે આપણે સૌએ કોરોના સાથે જીવવાનું છે, અને જેના માટે નવી જીવન શૈલી અપનાવવી પડશે. ‘ન્યુ નોર્મલ’ શબ્દ પ્રયોગ પણ ચલણમાં આવી ગયો. સમય કે કાળ એ એવી વસ્તુસ્થિતિનું નિર્માણ કરે છે કે એક જમાનામાં આપણી જ્ઞાતિની મસ્જિદ બંદર વિસ્તારની મિલ્કતો ઉપજાઉ ગણાતી અને ઘાટકોપરના જે વિસ્તારમાં હાલ અનંત છાયા છે તે વિસ્તાર ત્યારે ઉજ્જડ કે અણવિકસિત ગણાતો. પણ જયારે સમયે પડખું ફેરવ્યું ત્યારે આજે પરિસ્થિતિ તદ્દન વિપરીત થઇ ગઈ. ભગવાન કોઈ ચમત્કાર કરે અને આપણી માતૃભૂમિ પર પણ એવી મહેર કરે તો કદાચ ભવિષ્યમાં

**છીપનું મોતી :**

સર્જન, સંવર્ધન અને વિસર્જન એ કુદરતનો ક્રમ અને પ્રાકૃતિક પ્રક્રિયા છે.

***



# શ્રદ્ધાંજલિ

**સ્વાધ્યાય, સંયમ અને સમર્પણની ત્રિમૂર્તિ**
**એટલે**
**પ.પૂ. અચલગચ્છાધિપતિશ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા.**

**તપ, ત્યાગ અને તિતિક્ષાના ત્રિવેણી સંગમરૂપી સંયમગંગા**
**એટલે**
**પ.પૂ. અચલગચ્છાધિપતિશ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા.**

અધ્યાત્મના પંથે પ્રસ્થાન કરનાર આ મહાત્માએ આત્મભૂમિ પર અનાદિકાળથી એડ્ડો જમાવી ને બેઠેલા દુર્ગુણોને દફનાવવા માટેનો અને વિખૂટા પડેલા સદ્‌ગુણોને અપનાવવા માટેનો જે સખત પુરૂષાર્થ કર્યો તેના જ પરિણામે આ દુષમકાળમાં ગુણ-ઉદય સાથે ગુણ સમૃદ્ધિમાં નું એક ચમકતું ગુણરત્ન એટલે પૂજ્યશ્રી.

વ્યક્તિનો વિકાસ બાહ્ય સંપતિ, સમૃદ્ધિ ઉપર આધાર રાખે છે જ્યારે વ્યક્તિત્વનો વિકાસ આંતરિક જગત, ભાવવિશ્વ અને ગુણસંપતિ ઉપર આધાર રાખે છે. પૂજ્યશ્રી ગુણસંપતિ, ગુણવિકાસ અને ગુણ સમૃદ્ધિ ના ધારક હતા.

કર્મના ભયમાં ગુરૂ શરણાભૂત છે કર્મરૂપ વ્યાધિમાં તપ એ ક્રિયારૂપ છે. વળી મોહરૂપી વિષનો નાશ કરવા સ્વાધ્યાય એ પ્રગટ મંત્ર સમાન છે. પૂજ્યશ્રી, આપને કર્મનો ભય ન હતો. કેમ કે આપ તપોનિધિ હતા અને આપ સ્વાધ્યાય-મંત્ર સિદ્ધ હતા.

સત્વના સ્વામી, ગંભીરતાના સાગર, સૂર્યજેવા તેજસ્વી છતાં સૌમ્ય પૂજ્યશ્રીના ગુણોનો અંશ અમોને પ્રાપ્ત થાઓ.

પ્રશંસનીય, અનુમોદનીય, આલંબનીય, અનુકરણીય આદર્શ જીવન જીવનાર પૂજ્યશ્રી અનેકને માટે સંદેશો હતા. તેમના આલંબને અમારા જીવનમાં પણ......

**એમના ગુણોનું અનુકરણ આવે**
**એજ અભ્યર્થના**

## શ્રી અચલગચ્છ જૈન સંઘ, ઔરંગાબાદ ના
## શત શત નમન-વંદન

# મળવા જેવા માણસ...
## તિલકભાઈ કરમચંદ આણંદજી વિકમશી (વરાડીયા - હુબલી)



આજના આધુનિક યુગમાં ત્રણ પેઢીઓ એક જ છત હેઠળ ખુશીથી રહેતી હોય એની તમે કલ્પના કરી શકો? મને સાંભળવા મળેલું કે હુબલીમાં આપણુ એક કે.ડી.ઓ. પરિવાર છે જેમાં ત્રણ પેઢીઓ એટલે કે ભાઈઓ તેમના સંતાનો તથા તેમના સંતાનો આજે પણ સાથે રહે છે. એટલે મેં વિચાર્યું કે મારે આ પરિવાર વિશે લખવું છે અને મેં શ્રી તિલકભાઈનો સંપર્ક કરવા પ્રયત્ન કર્યો અને તિલકભાઈ સાથે ટેલિફોનિક મુલાકાત લઈ તેમના વિચારો જાણ્યા. મને જણાવવામાં આવેલું કે શ્રી તિલકભાઈ તેમના ધંધા વ્યવસાયમાં ખૂબ જ વ્યસ્ત હોય છે એટલે તેમની સાથે મુલાકાત કરવી મુશ્કેલ છે, એટલે હું તેમની સાથે વાત કરવા તથા તેમના વિશે લખવા વધુ ઉત્સાહિત થયો.

જ્યારે મારો તેમની સાથે ટેલિફોનિક સંપર્ક થયો ત્યારે મેં અનુભવ્યું કે શ્રી તિલકભાઈ ખૂબજ મૃદુભાષી, સાદા, જ્ઞાની, પરિશ્રમી અને નિરાભીમાની વ્યક્તિ છે. ૭૩ વર્ષની ઉમરે પણ તેઓ ખૂબ જ મહેનતુ તથા વ્યસ્ત વ્યક્તિ છે.



શ્રી તિલકભાઈને ભારતના ઉપરાષ્ટ્રપતિના હસ્તે નેશનલ ઉદ્યોગ પત્ર એવોર્ડ, TIE ફાઉન્ડોન દ્વારા 'લાઈફટાઈમ એચીવમેન્ટ એવૉર્ડ', સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન તરફથી કેડીઓ જ્ઞાતિ ભૂષણ, કર્ણાટક ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ તરફથી વાણિજ્ય રત્ન એવૉર્ડ તથા અન્ય અનેક સન્માનો પ્રાપ્ત થયા છે.

શ્રી તિલકભાઈ વ્યવસાયિક તથા સામાજિક સંસ્થાઓમાં ખૂબજ સક્રિય છે. તેઓ રોટી ક્લબ ઑફ હુબલીના ડાયરેક્ટર તથા ખજાનચી હતા. કર્ણાટક ચેમ્બર ઓફ કોમર્સ ઍન્ડ ઈન્ડસ્ટ્રીઝ હુબલીની રાજ્ય સ્તરની સેન્ટ્રલ એકસાઈ બોર્ડ કમિટીના કૉ. ઓપ. સભ્ય હતા. વર્તમાનમાં તેઓશ્રી વિકમશી ધ્યાનપીઠ ખામગાવના ચેરમેન, કેડીઓ જૈન સ્કુલ હુબલીના ચેરમેન, શ્રી હુબલી અને વરાડીયા મહાજનના ટ્રસ્ટી, કર્ણાટક કેન્સર હૉસ્પિટલના માનદ્‌સભ્ય તથા યુથ વેલ્ફેર ટ્રસ્ટ હુબલીના ટ્રસ્ટી મંડળમાં કો. ઓપ. ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી રહ્યા છે.

**પ્ર. સ.** : તિલકભાઈ, આપનો જન્મ હુબલીમાં જ થયો કે પછી અન્ય સ્થળેથી અહિ સ્થળાંતર કર્યું છે?

**ટી. કે.** : મારો જન્મ ૧૯૪૭માં ખામગાંવમાં થયો અને મારા પિતાશ્રી વર્ષ ૧૯૫૯માં પરિવાર સાથે હુબલી સ્થળાંતરિત થયા હતા.

**પ્ર. સ.** : અભ્યાસ પૂર્ણ થયા પછી આપશ્રીએ કઈ રીતે કારકીર્દી શરૂ કરી?

**ટી. કે.** : અભ્યાસ પૂર્ણ કર્યા પછી ઈ.સ. ૧૯૬૯માં મેં બેંગ્લોર ખાતે માઈકો કંપનીમાં કામ શરૂ કર્યું. ઈ.સ. ૧૯૭૦માં કેન્દ્ર સરકારે કેમિકલ ઈન્ડસ્ટ્રીઝના વિકાસ માટે પોલીસી જાહેર કરી. મેં એનો ઉંડો અભ્યાસ કરી મારા પિતાશ્રી કરમચંદભાઈ તથા ત્રણ નાના ભાઈઓની મદદથી ઉદ્યોગ ક્ષેત્રે ઝંપલાવવાનું નક્કી કર્યું અને અમોએ 'MICROFINISH VALVES'ની નાના પાયે શરૂઆત કરી જે આજે ૧.૫૦,૦૦૦(દોઢ લાખ) સ્કેવર ફૂટના વિસ્તારમાં ૬૪૦ કર્મચારીઓ સાથે વિસ્તાર પામી છે.

**પ્ર. સ.** : તિલકભાઈ, આપના અન્ય ઉદ્યોગ-વ્યવસાય અંગે માહિતી આપશો?

**ટી. કે.** : હું અમારા ગ્રુપની નિમ્નલિખિત કંપનીઓનો ચેરમેન છું.

MICROFINISH VALVES PVT LTD
MICROFINISH PUMPS PVT LTD
in technical collaboration with Flowserve corporation, USA
FLOWSERVE MICROFINISH VALVES PVT LTD - joint venture with Flowserve corp, USA
MICROFINISH VALVES INC, USA
FLOWSERVE MICROFINISH PUMPS PVT LTD - joint venture with Flowserve corp, USA
VIKAMSHI FABRICS PVT LTD, Khamgaon

પ્ર. સ. : આપ આટલા મોટા ઔદ્યોગિક સામ્રાજ્યનું સંચાલન કઈ રીતે કરો છો? તમે પોતાને અપડેટ કઈ રીતે કરો છો?

ટી. કે. : હું ભારતભરમાં તથા વિદેશોમાં ખૂબજ ફર્યો છું. હું જ્યાં પણ જાઉં ત્યાં નવી વાતો જાણવા-સમજવા-શીખવા પ્રયત્ન કરું છું. આ રીતે હું મને અપડેટ કરું છું. મને નવી ટેક્નોલોજી, મેનેજમેન્ટ સીસ્ટમ તથા નવા સંશોધનો શીખવા ગમે છે અને આ બધી બાબતો મને મારા ઉદ્યોગ ધંધાની વ્યવસ્થાને આધુનિક બનાવવા મદદરૂપ થાય છે.

પ્ર. સ. : હું જાણુ છું કે આપનો પરિવાર ખૂબજ ધાર્મિક છે.

ટી. કે. : જી, મારા પરિવાર દ્વારા પોતાના શીખરબધ્ધ શ્રી મુનીસુવ્રત સ્વામી જૈન દેરાસરનું નિર્માણ કરાયું છે અને અમારા પરિવારનો દરેક સભ્ય દરરોજ પૂજા કરે છે. પરિવારના બહુમતિ સભ્યોએ ઘણી બધી તપસ્યાઓ પણ કરી છે. અમે જીવદયાને વરેલા છીએ. અમારા ફાર્મમાં ૪૦ જેટલી ગાયો છે. અમોએ હુબલી નજીકનું ૪000ની વસ્તી ધરાવતું ગામ દત્તક લીધું છે. ગામની શૈક્ષણિક જરૂરતો પૂર્ણ કરીએ છીએ તથા ગામમાં દવાખાનું ઉભું કર્યું છે. અમોએ અલગ અલગ વિસ્તારોમાં ત્રણ શાળાઓમાં ૧૦૦ કોમ્પ્યુટર્સનું દાન પણ આપ્યું છે તથા શીખવવા માટે કોમ્પ્યુટર ટીચર્સની વ્યવસ્થા પણ કરી છે. અમોએ નાના બાળકોની નબળી આંખોની દૃષ્ટિની તપાસ માટે એમ.એમ.જોષી આઈ ઈન્સ્ટીટ્યુટને. રૂા. ૯૦ લાખના ખર્ચે 'RETCAM SHUTTLE' મશીન ભેટ આપ્યું છે.

પ્ર. સ. : તમારા પરિવારના સભ્યો વચ્ચેના અનુબંધનું મુખ્ય કારણ શું?

ટી. કે. : ઈશ્વરની અમારા ઉપર ખૂબજ કૃપા છે. પરસ્પર પ્રેમ અને આદર, પરિવારના દરેક સભ્યના મંતવ્યને મહત્વ આપવું તથા લક્ષ્ય પ્રાપ્તિ માટે એકત્રિત થઈ કાર્ય કરવું, અમારા અનુબંધના આ મહત્વના કારણો ગણી શકાય.

પ્ર. સ. : આપના પરિવારે હુબલીમાં મોટું સામ્રાજ્ય ઉભુ કર્યું છે. આપે આપણા અન્ય ક.દ.ઓ. પરિવારોને હુબલી આવવા અને સેટલ થવા મદદ કરી છે? મોટા શહેરોની સરખામણીમાં હુબલીમાં જીવનધોરણ તાણમુક્ત છે.

ટી. કે. : હું હંમેશા આપણા ક.દ.ઓ. ભાઈઓને આવકારીશ તથા મદદરૂપ થઈશ. તથા તેમને માર્ગદર્શન આપીશ. મોટાં શહેરોની સરખામણીમાં હુબલીમાં સારી તકો તથા સારું જીવનધોરણ છે.

પ્ર. સ. : તિલકભાઈ આપના વિચારો વ્યક્ત કરવા સમય આપ્યો તે બદલ આભાર : આપણા યુવાવર્ગ માટે કોઈ સંદેશ આપશો?

ટી. કે. : કઠોર પરિશ્રમ અને શિસ્તબધ્ધતાનો કોઈ જ વિકલ્પ નથી. તમારા લક્ષ્યને આંબવા પ્રયત્નશીલ રહો. તમારી યાત્રામાં તમે કદાચ પડી જાઓ તો ફરી ઉભા થાઓ અને સફરમાં આગળ વધો. હંમેશા વિદ્યાર્થી બની રહો અને નવી ટેક્નોલોજી શીખો, નવા વિચારોને અપનાવી આગળ વધતા રહો. અભ્યાસમાં તથા તમારા કામમાં ચોક્કસ અને પ્રમાણિક રહો. સરકારની વિવિધ પોલીસીઓનો અભ્યાસ કરો અને નવા સાહસો શરૂ કરવા માટે તેનો લાભ લો. આંખો ખુલ્લી રાખો અને તકને ચુકો નહિં, કારણ કે તકો વારે ઘડીએ તમારો દરવાજો નહિં ખટખટાવે.

**- ડૉ. હિરાચંદ દંડ**

## વરાડીયામાં ધ્વજારોહણ મહોત્સવ

વરાડીયામાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયનો ૧૧૮ મો ધ્વજારોહણ મહોત્સવ તા. ૨૪-૦૭-૨૦૨૦ ના સ્થાનિકો તથા કચ્છના અન્ય સ્થાનેથી પધારેલા વરાડીયા વાસીઓની ઉપસ્થિતિમાં વિધિકાર શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયા ના સહયોગથી ખૂબજ આનંદ અને ઉલ્લાસથી સરકારી ધારાધોરણો અનુસાર ઉજવાયો.

સવારના નવકારશીના લાભાર્થી માતુશ્રી માંકબાઇ લધાભાઈ મણશી મોમાયા પરીવાર હ. શ્રી જયંતીલાલભાઈ તથા શ્રી અમૃતલાલભાઈ તથા બપોરના સાધર્મિક ભક્તિ શ્રી વરાડીયા મહાજન તરફથી થયેલ. ધ્વજારોહણ નિમિતે સ્થાનિકે આયંબીલ કરનાર શ્રી કપીલ ખીરેશ શામજી ડાઘા તથા શ્રી કરણ લાલકા (દેરાસર મેનેજર)ને શ્રી સાંધવ જૈન સંઘ તથા આપણા સંઘ તરફથી પ્રભાવના અપાયેલ. સર્વે ભાવિકોને શ્રી વરાડીયા જૈન સંઘ તરફથી સંઘ પુજન તથા પ્રભાવના થયેલ. મુલનાયક શ્રી ચિંતામણિ પારસનાથજી દાદાની નયનરમ્ય આંગી ભરવામાં આવેલ. છ પરિવારોએ તે દિવસની આંગીનો લાભ લીધેલ.

વર્તમાનમાં કપરા સમયમાં કચ્છમાં જ્યાં પણ ધ્વજારોહણનું આમંત્રણ મળે ત્યાં નિઃસંકોચ નિમંત્રણ સ્વીકારી ધ્વજારોહણની વિધિ પાર પાડવાનું કાર્ય સ્વેચ્છાએ સ્વીકારનાર અનુભવી વિધિકાર શ્રી ચંદ્રકાંત ભાઈ દેઢિયાનું તથા તેમના સહાયકશ્રીનુ શ્રી વરાડીયા મહાજન તરફથી સન્માન કરવામાં આવેલ.

આ ધ્વજારોહણ નિમિતે ૧૪,૦૪૨ મણ ગરત થયુ તથા રૂા. ૩,૨૧,૦૦૦/- જેટલી રકમ સર્વ સાધારણ ખાતામાં જમા થઈ. માતુશ્રી નેણબાઇ મણશી કાનજી દંડ પરીવાર તરફથી મુલનાયક શ્રી ચિંતામણિ પારસનાથજી દાદાની વસ્ત્ર આંગી ભેટ જાહેર થઈ.

વિચાર વર્તુળ

# કિસીકા દર્દ મિલ સકે તો લે ઉધાર

- પ્રવિણ લોડાયા, વડોદરા



આપણે બધા હમણાં વ્હોટસએપ યુનિવર્સિટીમાં ભણી રહ્યા છીએ. ઘેર બેઠા આપણને મફત ભણવાનું મળે છે. દુનિયાની દરેક વસ્તુ આપણને મળી રહી છે. મારી દ્રષ્ટીએ ૫% માહિતિ આપણને સાચી મળે છે. ૯૫% ફેક હોય છે. આપણી વિવેક બુધ્ધીને જાગૃત રાખીને શું સાચું અને શું ખોટું એનું તારણ કાઢવું આપણી જવાબદારી છે.

આ દુનિયામાં બે પ્રકારના લોકો છે, પ્રથમ એ કે જે દરેક વસ્તુનો ફાયદો ઉઠાવે છે જ્યારે બીજા યોગ્ય વ્યક્તિને ફાયદો પહોંચાડે છે. આવી ઘણી સારી વાતો વાયરલ થાય છે જેમાંથી આપણને પ્રેરણા મળે છે.

આવી જ એક હકીકત છે હમણાં જ વાયરલ થયેલા એક વીડિયો જેમાં કેરળની એક મહિલાએ એક દ્દષ્ટિહીન વૃધ્ધને બસમાં બેસતાં જોયા. સુપ્રિયાએ તેને પુછ્યું કે, તેઓ ક્યાં જવા માગે છે ? એ વ્યક્તિ જાણવા માગતો હતો કે શું ત્યાં કોઇ બસ સ્ટેન્ડ છે ? સદનસીબે એક બસ થોડી આગળ જઇને ઊભી રહી. તે બસ તરફ દોડી અને હાથ હલાવીને કન્ડક્ટરને બસ રોકવા કહ્યું. વૃધ્ધના બસમાં બેસતાની સાથે જ વીડિયો પુરો થઇ ગયો. આ બધું એટલું સામાન્ય હતું કે, કદાચ જ કોઇની નજરમાં આવે.

સુપ્રિયાનો આ વાઇરલ વીડિયો પ્રખ્યાત જ્વેલરી બ્રાન્ડના ચેરમેન જોય અસુક્કસ સુધી પણ પહોંચ્યો. તેમને જ્યારે ખબર પડી કે, સુપ્રિયા તેમના શો રૂમમાં કામ કરે છે. ત્યારે તેઓ તેના ભાડાના ઘરે અચાનક તેને અભિનંદન આપવા પહોંચી ગયા.

ત્યાર પછી આ વાતની સોશિયલ મીડિયામાં ચર્ચા થવા લાગી. ચેરમેને તેને બીલ શહેરમાં આવેલી હેડ ઓફિસે બોલાવી તે હેડ ઓફિસ પહોંચી તો તેને સરપ્રાઇઝમાં તેની માલિકીનું એક ઘર મળ્યું. જેનું સ્વપ્ન તે હમેશાં જોતી હતી.

આ સપ્તાહે થયેલા એક ઘટનાક્રમમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના ચેરમેન આનંદ મહિન્દ્રાએ મુંબઇના એક દંપતિને મદદની ઓફર કરી, જેણે લોકડાઉન પછી પોતાની તમામ બચત ૧૫૦૦ લોકોનું રાશન ખરીદવામાં વાપરી નાખી.

લાભાર્થીઓમાં રીક્ષા ચાલક, ઘરેલુ નોકર અને અન્ય કામ કરનારાનો સમાવેશ થાય છે. મુંબઇની મીડિયાએ જ્યારે આ દંપતિની સ્ટોરી બતાવી તો મહિન્દ્રા અભિભૂત થઇ ગયા.

તેમણે ટ્વીટ કરી કે ! જો આ સમાચાર કરનારા પત્રકાર સૌભાગ્ય હશે કે હું આ દંપતિના નુકસાનની ભરપાઇ કરી શકું.

જીહા, આપણે જેવું કરીએ છીએ, તેવું જ ફળ મેળવીએ છીએ. તમે જ્યારે કોઇની મદદ કરો છો, કેમ કે તમને લાગે છે કે, આમ કરવું જોઇએ તો એક પરમ શક્તિ જેને આપણે ઈશ્વર કહીએ છીએ તે જોઇ રહી છે. નેકદિલ વ્યક્તિઓને એક સેકન્ડની રાહ જોવા દેતી નથી.

જીવનના કેટલાક જવાબ આમ આપણને મળી જાય છે. જિંદગીમાં નફા-નુકસાન સિવાય ઘણુ બધું હોય છે.

**"કિસીકી મુશ્કુરાહટોં પે હો નિસાર,**
**કિસી કા દર્દ મિલ સકે તો લે ઉધાર,**
**કિસી કે વાસ્તે હો તેરે દિલમેં પ્યાર,**
**જીના ઈસીકા નામ હૈ..."**

અનેક કડવી યાદોથી દુનિયાનો ઈતિહાસ ભરેલો છે પણ વિશ્વમાં શાંતિમય સહઅસ્તિત્વના વહેણો પણ ચાલુ છે. બંધારણનો આદર હોય અને કાયદો અને વ્યવસ્થા સારા હોય એ ૨૧મી સદીનું સ્વપ્ન છે. આપણા માટે આ આદર્શ વ્યવસ્થા છે.

આવનારા વરસોમાં ઈકોલોજીનું મહત્વ વધશે. આપણે બધાએ આપણું ઘર ચોખ્ખું રાખવું પડશે, ઈર્ષા, અદેખાઇ અને ખટપટ જેવા ગંદા શબ્દોને હાંકી કાઢવા પડશે. કોસ્મોસ એટલે કે આપણી આસપાસના બ્રહ્માંડ ને સ્વચ્છ કરવું પડશે.

યુધ્ધ અશક્ય બનવું જોઇએ. સરહદો નાબુદ થવી જોઇએ, અત્યારે આ સ્વપ્ન જેવું લાગે છે પણ નજીકના ભવિષ્યમાં એ સ્વપ્ન કદાચ સાચું પણ પડે. દુનિયામાં એવા ચિંતકો ઠેરઠેર થઇ ગયા છે કે જે આવી દુનિયાનું નિર્માણ કરવા એડીચોટીનું જોર લગાવેલ છે.

ખલિલ જીબ્રાન અને ભગવાન રજનીશ આના માટે જ મથતા હતા. મહાન લેખકો પણ આમ જ કહી ગયા હતા. ટોલ્સટોયે 'વોર એન્ડ પીસ' આને માટે જ લખી છે. બટ્રાન્ડ રસેલ પ્રખર શાંતિવાદી હતા. તેમણે સંખ્યાબંધ ગ્રંથો આના માટે જ લખેલા અને પોતાના ઘરમાં બધા દેશોની પરિષદ યોજીને બેસતા.

ર. વ. દેસાઇએ પોતાની નવલકથાઓમાં પોતાનું

કાલ્પનિક વિશ્વ બરાબર દોરેલું છે. એમની 'પ્રલય' નવલકથાનો નાયક ઝાકીર એક અવનવી શોધ કરે છે. એ વિજ્ઞાનનો માસ્ટર હોય છે એણે પહાડી ઉપર એક લેબોરેટરી બનાવી દુનિયામાં ક્યાંય હિટલર જેવા યુધ્ધખોર નેતા હોય એમને એ ઉઠાવી જાય અને પોતાની લેબોરેટરીમાં ઓપરેશન કરીને એના મગજમાંથી યુધ્ધની ગ્રંથી કાઢી લે. 'મેજીક માઉન્ટેન' નામની નોબેલ પ્રાઇઝ વિનર નવલકથામાં એણે આ જ વાત લખી છે.

હવે આપણી સફળતા એ હશે કે આપણે જૂના ટૂકડાને સાંધવામાં ન પડીએ. પરંતુ એ વિચારીએ કે હવે એક નવું અને વધુ વિકસિત 'નોર્મલ' વિશ્વ કેવી રીતે બનાવી શકાય. એક એવી દુનિયા જે વધુ દયાળુ, વધુ સુંદર, વધુ ઉજળી અને રચનાત્મક હોય. જેથી આપણે એક સારો સમાજ બનાવી શકીએ અને ઉત્સાહથી, બેવડા ઉત્સાહથી કામે લાગીએ. ઉત્સાહનો જાદુ એવો હોય છે કે દુનિયામાં એવું કશું પણ નથી જેને એક ઉત્સાહિત વ્યક્તિ પ્રાપ્ત ન કરી શકે.

***

## સખી વૃંદ મહિલા મંડળ, પુણે




૨૮મા વર્ષમાં પદાર્પણ કરતાં વાર્ષિક વર્ષની પહેલી મીટિંગની શરૂઆત ઈશા સમીર ભાટેએ ગ્રાહક જાગૃતતાના વિષય ઉપર ચર્ચા સાથે ૨૦ જુલાઈ,૨૦૨૦ ના કરી.

રોજિંદા જીવનમાં વપરાતા પદાર્થ અને ઉત્પાદનો આપણે તેના લેબલ વાંચયા વગર જ ખરીદી લેતા હોઈએ છીએ, તેમાં વપરાયેલ ઘટક, તેની ઉત્પાદન તારીખ વગેરે તરફ ક્યારે દુર્લક્ષ ન કરવું જોઈએ.જે અનેક મોટી બીમારીનું કારણ બની શકે છે. ઈશા ભાટેએ આનાથી બચવા માટેનું સમગ્ર જ્ઞાન પીપીટી દ્વારા આપ્યું અને સખીઓ આ વિષય પર કેવી રીતે જાગૃત થઈ શકે તેની સમજ આપી. તેમણે ગ્રાહક જાગૃતતા, સ્માર્ટ ગ્રાહક, ભ્રામિક જાહેરાતો, હાનિકારક રસાયણયુક્ત પદાર્થ છોડીને કુદરતી જીવનશૈલી તરફ વળવું જોઈએ જેવા અનેક મુદ્દા પર પ્રકાશ પાડ્યો.

ઈશા ભાટેએ ખાદ્યપદાર્થમાં વપરાતા રાસાયણિકયુક્ત રીફાઈન્ડ તેલ, જે હૃદય રોગોને નોતરે છે તેના બદલે કોલ્ડ પ્રેસ, કાચીઘાણીના તેલ અથવા ઘી નો ઉપયોગ કરવો જોઈએ. રસોઈ ઘરમાંના નોનસ્ટિક અને ગ્રેનાઇટ, એલ્યુમિનિયમની કઢાઈ અને પેન, કેન્સર, હૃદય, મગજ, કિડની જેવી અનેક બીમારીઓનું કારણ બની શકે છે.તેનાં કરતાં જો જૂની પદ્ધતિ પ્રમાણેના લોખંડ, પિતળ, તાંબુ અથવા માટીના વાસણોનો ઉપયોગ કરવાથી ખાદ્યપદાર્થમાંના ૯૭ ટકા જેટલા ગુણધર્મો સચવાઈ રહે છે.

ટૂથપેસ્ટમાં વપરાતા એસએલએસ, ફ્લોરાઈડ, ગ્લાયકોલ જેવા રાસાયણિક પદાર્થ સ્વાસ્થ માટે ખુબ જ હાનિકારક છે. તેનાં બદલે આયુર્વેદિક ટૂથપેસ્ટનો જ ઉપયોગ અનિવાર્ય છે. આવા ઉદાહરણ આપી અને તેની ખરી ઓળખ કરાવીને વિષયનું સચોટ જ્ઞાન આપ્યું.

પેરાબેન્સ, સલ્ફેટ, ગ્લાયકોલ, સિન્થેટીક ફ્રેગરન્સ વગેરે ઘટકો વગરના સ્કીનકેર ઉત્પાદનોનો જ ઉપયોગ કરવા, ચામડી અને વાળ માટે વપરાતાં ઉત્પાદનો ના ૬૦ ટકા જેટલા ઘટકો આપણાં શરીરમાં પણ શોષાય છે અને જે હાનિકારક અસર કરે છે તેવી સમજ આપી. તે સાથે જ ક્યાં કુદરતી ઉત્પાદનોનો વાપરાશ કરવો તેના નામ પણ સૌને જણાવ્યા. પ્લાસ્ટિકની વસ્તુઓ, એલ્યુમિનિયમ ફોઈલમાં મૂકેલા ગરમ ખાદ્યપદાર્થ અનેક રાસાયણો ને શોષે છે, જે પચાવવા આપણું શરીર અસક્ષમ છે. ટેલ્કમ પાઉડર, બિસ્કિટ, ડિશવોશ બાર, એર ફ્રેશનેર છોડી ને કુદરતી ઘટકોવાળી વસ્તુઓ જ વાપરવી જોઈએ.

આપણે કુદરતી ઉત્પાદનો વાપરી ને આપણાં લોકલ વિક્રેતા અને ખેડુતોને પણ મદદ કરી શકશું, તે સાથે જ આપણાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના સંદેશ આત્મ નિર્ભર ભારતને પણ પાંખ આપી શકશું. આ આપણી આવતી પેઢી માટેની શ્રેષ્ઠ ભેટ હશે એમ જણાવ્યું હતું.

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

ટ્રસ્ટ એક્ટ

# ટ્રસ્ટને લગતા મુખ્ય કાયદાઓ તથા તેનું પાલન (ભાગ ૨)

## સી.એ. કમલેશ વિકમશી દ્વારા વેબનારમાં અપાયેલ માહિતીનું સંકલન

સી.એ. પદમકુમાર ઠાકરશી પોલડિયા, ડુમરા (ઘાટકોપર)
મોબાઈલ : ૯૮૨૦૪ ૧૩૧૪૧ ઈમેલ : ptpoladia@gmail.com



ક.દ.ઓ. ચાર્ટડ એકાઉન્ટન્ટસ એસોશિયેશન આયોજીત વેબનાર તા. ૧૧-૦૭-૨૦૨૦માં સી.એ. કમલેશ શીવજી વીકમશી દ્વારા રજુ થયેલ વિચારોનું ગુજરાતી ભાષામાં અહીં સંકલન ભાગ-૨ તરીકે રજુ કરેલ છે. આ ભાગમાં ઈન્કમટેક્સનાં કાયદા તથા તેનું પાલન અને ઈન્કમટેક્સ એસેસમેન્ટમાં મુખ્ય મુદાઓ વિષય પર ચર્ચા કરેલ છે.

(૧) ઈન્કમટેક્સમાં ચેરીટેબલ હેતુનું ડેફીનેશન (સેક્સન ૨(૧૫) ઓફ ઈન્કમટેક્સ એક્ટ, ૧૯૬૧) જો ટ્રસ્ટ ગરીબોને રીલીફ શૈક્ષણિક, યોગા, મેડીકલ રીલીફ, પર્યાવરણનું રક્ષણ, ઐતિહાસિક જગ્યાઓનું રક્ષણ (Preservation of Monuments) કરે છે તો તેને ચેરીટેબલ એક્ટીવીટી જ ગણવામાં આવે છે. (ભલે તેમાં કોઇ વ્યાપારિક પ્રવૃત્તિ થતી હોય)

તેના સિવાય જો જનરલ પબ્લીક યુટીલીટી કરતો હોય તો અને ટોટલ આવકના ૨૦% થી વધારે તે કમર્શીયલ, ટ્રેડ, કે બીસનેસ એક્ટીવીટી કરતા હોય તો તેને ''ચેરીટેબલ પરપસ'' ગણવામાં આવતું નથી. એટલે કે ઉપરની કોઇપણ પ્રવૃત્તિ સિવાય કાર્ય કરતું હોય તો તેની આવકનાં ૨૦% થી ઓછી આવક ધંધાકીય પ્રવૃત્તિથી થતી હોય તો તેને પણ ચેરીટેબલ માટે ગણવામાં આવે છે.

(૨) સેક્સન ૧૧ દ્વારા ઈન્કમટેક્સમાં ટ્રસ્ટને મળતી છુટકારો

– ''કોરપસ ડોનેશન'' પર કોઇપણ ટેક્સ લાગતો નથી.

– કોઇપણ કોરપસ ડોનેશન સિવાય જો દાન મળે તો તેને ટ્રસ્ટની આવક ગણવામાં આવે છે. પરંન્તુ આ આવકને ટ્રસ્ટનાં ઉદેશ માટે વાપરવામાં આવે તો તેનાં પર કોઇ ટેક્સ લાગતો નથી.

– હવે ઉપરની આવક અથવા દાન જો ૮૫% ટકા ઉપર વપરાશ થાય તો કોઇપણ ટેક્ષ લાગતો નથી અને બાકીની ૧૫% આવકને ટેક્ષ નથી લાગતો. ટુંકમાં જો આવકનો ૮૫% ભાગ ટ્રસ્ટનાં ઉદ્દેશ માટે વપરાશ થાય તો કોઇપણ જાતનો ઈન્કમટેક્ષ લાગતો નથી.

– જો ૮૫% ઉપરની આવક ન વપરાતી હોય તો બેલેન્સ રકમને કલમ ૧૧(૫) પ્રમાણે ઈનવેસ્ટમેંટ કરવાની હોય છે. આ રીતે કલમ ૧૧(૫) તથા રૂલ્સ ૧૭સી પ્રમાણે જો ઈન્વેસ્ટ કરવામાં તો પણ આવક પર કોઇપણ જાતનો ટેક્સ લાગતો નથી.

(૩) કલમ ૧૧ અનુસાર જો આવક ન વપરાય તો એટલે કે ૮૫% થી ઓછી આવકનો વપરાશ થાય તો ફોર્મ ૯એ અથવા ૧૦ (રૂલ ૧૭ મુજબ) ભરવાનાં હોય છે.

– જ્યારે આવક હાથમાં આવેલ ન હોય અથવા બીજા કોઇ કારણોસર ન વપરાયેલ હોય તો આવક જે વર્ષમાં આવે તે વર્ષમાં વાપરવી જરૂરી છે. આ માટે ફોર્મ ૯એ ઈન્કમટેક્ષનાં રીર્ટનની ભરવાની તારીખ પહેલાં ઓનલાઇન ભરવાનું રહેશે. (કલમ ૧૧(૧))

– જ્યારે આવક ૮૫% થી વધારે નથી વપરાઇ પરંતુ ટ્રસ્ટ આ આવક ૫ વર્ષની અંદર વાપરવા માગે છે તો તેણે સેક્સન ૧૧(૫)માં આપેલ વિવિધ રોકાણોમાં રોકાણ કરી શકે છે. આ માટે ટ્રસ્ટે ફોર્મ નં. ૧૦ ઈન્કમટેક્ષમાં રીર્ટનની ભરવાની તારીખ પહેલાં ઓનલાઇન ભરવાનું રહેશે. (કલમ ૧૧(૨))

(૪) કલમ ૧૧(૫) તથા રૂલ્સ ૧૭સી મુજબ ટ્રસ્ટ અનેક પ્રકારનાં રોકાણોમાં પૈસા નાખી શકે છે. આના માટે નીચેનું ટેબલ રજુ કરેલ છે.

PDF OF TABLE ON
PAGE NO. 24

(૫) ટ્રસ્ટની આવકને ઈન્કમટેક્સમાં બાદ લેવા માટે કલમ ૧૨એ અને ૧૨એએમાં રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. એટલે કે ભલે તમે આવક ૮૫% ઉપર વાપરેલ છે પરંતુ ઉપરની કલમ મુજબ જો ઈન્કમટેક્સમાં રજીસ્ટર ન કરાવેલ હશે તો (ભલે તે ચેરીટી કમીશનરમાં રજીસ્ટર થયેલ હોય) આવકની છુટો ટ્રસ્ટને નહીં મળે. ટુંકમાં ટ્રસ્ટને ચેરીટી કમીશનર તથા ઈન્કમટેક્સ બંન્ને કાયદામાં રજીસ્ટર કરાવવું જરૂરી છે. આ કલમ હેઠળ ફોર્મ ૧૦એમાં રજીસ્ટ્રેશન માટે અરજી કરવી જરૂરી છે. આમાં ટ્રસ્ટે ઘણા બધા ડોક્યુમેન્ટસ લગાડવા જરૂરી છે જેમાં ટ્રસ્ટનું બંધારણ, છેલ્લામાં છેલ્લું આવક-જાવક ખાતું તથા બેલેન્સ સીટ, ચેરીટી કમીશનરમાં

રજીસ્ટ્રેશનનું સ્ર્ટીફીકેટ, ટ્રસ્ટનું પેન કાર્ડ, ટ્રસ્ટીઓનાં પેન તથા આધાર કાર્ડ, મળેલ ડોનેશનોની વીગતો, બેંક એકાઉન્ટસની કોપી વગેરે. ચીફ કમીશનરને લાગે કે ટ્રસ્ટ ચેરીટી એક્ટીવીટી પ્રમાણીકતાથી કરી રહ્યું છે અને અન્ય ચેરીટીને લગતા કાયદાઓનું પાલન કરે છે તો તેનું રજીસ્ટ્રેશન કરે છે.

(૬) જો ટ્રસ્ટ ઈન્કમટેક્સમાં રજીસ્ટર થઇ જાય અને તેનાં ઓબજેક્ટમાં કોઈપણ ફેરફાર થાય તો તે ૩૦ દિવસમાં જણાવવું જરૂરી છે.

(૭) કલમ ૧૨એ અને ૧૨એએ માં જો ટ્રસ્ટ નવું ફોર્મ થયું હોય અને હજી કોઈપણ એક્ટીવીટી ન કરેલ હોય અને જો બાહેંધરી આપેલ હોય કે તે ટ્રસ્ટ ડીડ પ્રમાણે એક્ટીવીટી કરવાનાં છે તો તેને કમીશનરે રજીસ્ટર કરવું જરૂરી છે આ ચુકાદો આનંદ સોસયલ એજ્યુકેશન ટ્રસ્ટ VS CIT (2020) 114 Taxaman.com મુજબ છે.

(૮) ટ્રસ્ટનાં રજીસ્ટેશનનું નવીનીકરણ (Renewal) કલમ ૧૨એ મુજબ તથા કલમ ૧૨એએ અને ૧૨ એબી મુજબ.

– વર્ષ ૨૦૧૯-૨૦ સુધી જો એક વખત ટ્રસ્ટ રજીસ્ટર થઇ જાય તો તેનું રજીસ્ટ્રેશન કાયમ માટે રહેતું, પરંતુ વર્ષ ૨૦૨૦-૨૧ થી કલમ ૧૨ એબી મુજબ ૧ જુન ૨૦૨૦ (જેને હાલ ૧-૧૦-૨૦૨૦ સુધી મુલત્વી રાખેલ છે) દરેક ટ્રસ્ટે દર ૫ વર્ષે ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન રીન્યુઅલ કરવાનું રહેશે. આ માટે તા. ૧-૧૦-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ સુધીમાં દરેક જુના ટ્રસ્ટે ઇન્કમટેક્સમાં ઓનલાઇન એપ્લીકેશન કરવાની ફરજિયાત છે. જો એપ્લીકેશન આપેલ સમયમાં ન કરશે તો તેનું રજીસ્ટ્રેશન ઓટોમેટીક કેન્સલ થયેલું ગણાશે.

– નવા ટ્રસ્ટને ઉપરોક્ત કલમ મુજબ ૩ વર્ષ માટે પ્રોબીશનલ રજીસ્ટ્રેશન કોઇપણ જાતની ઊંડાણમાં પુછતાછ વગર આપવામાં આવશે. ત્યારબાદ જો પ્રવૃત્તિ શરૂ થઇ જાય તો ૬ મહિનાની અંદર તેને ફરી રજીસ્ટ્રેશનની અરજી કરવાની રહેશે અથવા પ્રવૃત્તિની શરૂઆત ન થાય તો ત્રણ વર્ષ પૂરા થતાં છ મહિના પહેલાં આ બાબત એપ્લીકેશન કરવાની રહેશે.

(૯) ટ્રસ્ટને રજીસ્ટ્રેશન રીન્યુઅલ અથવા નવું રજીસ્ટ્રેશન માટે કલમ ૧૨ એબી મુજબ નીચેના ચાર્ટ મુજબ કરવી જરૂરી છે.

PDF OF CHART ON
PAGE NO. 24

(૧૦)કલમ ૧૨એએ / ૧૨એબી મુજબ થયેલ રજીસ્ટ્રેશન કેન્સલ કરવાનો પાવર CIT આગળ છે. જે નીચે મુજબના બે કારણો અનુસાર હોય.

– કલમ ૧૩(૧)નું ઉલ્લંઘન કરીને ટ્રસ્ટની પ્રવૃત્તિઓ ચાલતી હોય તો.

– ટ્રસ્ટે અન્ય કાયદાઓનું પાલન કોઇ મુખ્ય રીતે પાલન ન કરેલ હોય અને જેના માટે ઓર્ડર અથવા ડીક્રી પાસ થયેલ હોય.

– રજીસ્ટ્રેશન કેન્સલ કરવાનો પાવર ચીફ કમીશનર ઓફ ઇન્કમટેકસ પાસે છે જે ટ્રસ્ટને સાંભળ્યા પછી કરી શકે છે.

(૧૩)કલમ ૧૩ મુજબ કલમ ૧૧માં મળેલ આવકવેરાની છૂટ નીચેનાં સંજોગોમાં લાગુ પડતી નથી.

– આવકની કોઇપણ ભાગની રકમનો ઉપયોગ સીધી અથવા ઊંધી રીતે પ્રતિબંધિત માણસો (અથવા ઇન્ટરેસ્ટેડ માણસોના) ફાયદા માટે થયેલ હોય આવા સંજોગોમાં હમેંશ માટે પણ રજીસ્ટ્રેશન કેન્સલ થઇ શકે છે.

– ઇન્વેસ્ટમેન્ટ કલમ ૧૧(૫) જે રૂલ ૧૭સી નાં સિવાયમાં કોઇ ચીજોમાં કરેલ હોય તો.

– ''પ્રોહીબીટેડ પરસન્સ''ની વ્યાખ્યા નીચે મુજબ છે.

૧) ફાઉન્ડર અથવા ટ્રસ્ટી

૨) જેમણે રૂા. ૫૦,૦૦૦/- થી વધારે દાન આપેલ હોય એવી વ્યક્તિ

૩) ટ્રસ્ટનો મેનેજર

૪) ઉપરનાં ત્રણેનાં સગાવહાલાઓ

૫) કોઇપણ કન્સર્નસ જ્યાં ઉપરનાં માણસો નોંધપાત્ર હિસ્સો ધરાવતા હોય (૨૦%થી વધારે)

(૧૪)કલમ ૧૩(૨) અનુસાર પણ કલમ ૧૧માં મળેલ કાયદાની છુટ નીચે મુજબનાં સંજોગોમાં લાગુ પડતી નથી અને ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન પણ કેન્સલ થઇ શકે છે.

૧) જો ''પ્રોહીબીટેડ પરસન્સ''ને કોઇપણ મિલકત અથવા આવક આપતા હોય જેની સામે પૂર્ણ સીક્યુરીટી અથવા વ્યાજ નથી મળતું અથવા બંન્ને સંજોગો જો હોય તો.

૨) જો જમીન બીલ્ડીંગ અથવા અન્ય પ્રોપર્ટી ''પ્રોહીબીટેડ પરસન્સ''ને યોગ્ય ભાડું અથવા વળતર વગર આપવામાં આવેલ હોય તો.

૩) ''પ્રોહીબીટેડ પરસન્સ''ને પગાર અથવા એલાવન્સ અથવા બંન્ને આપવામાં આવતા હોય જે રીસનેબલ ન હોય

૪) જો કોઇપણ પ્રકારની સેવા પ્રોહીબીટેડ પરસન્સનો યોગ્ય રેમ્યુનરેશન અથવા કમ્પનસેસન વગર અપાયેલ હોય તો

૫) જો આ સર્વીસીસ મેડીકલ અથવા શિક્ષણ માટે અપાયેલ હોય તો આવકની છૂટછાટ જે કલમ ૧૧ મુજબ મળે છે તે મળતી રહેશે પરંતુ ફક્ત કન્સેસન અથવા ફ્રી ઑફ કોસ્ટ અપાયેલ ચીજ પર ટેક્સ લાગુ પડશે.

૬) જો પ્રોહીબીટેડ પરસન્સ આગળથી શેર અથવા સીક્યુરીટી લીધેલ હોય જે માર્કેટ વેલ્યુથી વધારે હોય તેમજ જો શેર અથવા સીક્યુરીટ વેચેલ હોય જે માર્કેટ વેલ્યુથી ઓછી હોય તો પણ ટ્રસ્ટને કલમ ૧૧નાં ફાયદા મળતા નથી.

૭) જો ટ્રસ્ટ આવક અથવા મિલકત જેની રકમ રૂા. ૧૦૦૦/-થી વધારે થાય તે જો પ્રોહીબીટેડ પરરસન્સને ડાયવર્ટ કરે તો પણ કલમ ૧૧ના ફાયદા મળતા નથી.

(૧૫) કલમ ૧૧૫ ટીડી મુજબ જો ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન કેન્સલ થાય તો તેને મળેલ ઇન્કમટેક્સની છૂટછાટો નીકળી જતાં તેમને "Exit Tax" નીચે મુજબનાં સંજોગોમાં લાગુ પડે છે.

– ટ્રસ્ટને એવી એન્ટીટીમાં કન્વવર્ટ કરવામાં આવેલ છે જે કલમ ૧૨એએ/૧૨એબી મુજબનાં ફોર્મ પ્રમાણે ન હોય અથવા ટ્રસ્ટ ડીડમાં ફેરફાર કર્યા હોય જે ઉપરની કલમ મુજબ બંધ બેસતા ન હોય

– ટ્રસ્ટ બીજા કોઇ નોન ચેરીટેબલ સાથે જોડાણ કરી લે તો

– જો ટ્રસ્ટ બંધ થયા પછી ૧૨ મહિનાની અંદર પોતાની મિલકતો બીજા કોઇપણ ૧૨એએ અથવા ૧૨એબી મુજબ રજીસ્ટર થયેલ ટ્રસ્ટમાં ટ્રાન્સફર ન કરે તો

– ઉપરનો ટેક્સ ૩૦%નાં હિસાબે ટ્રસ્ટને લાગુ પડે છે.

– જો ટ્રસ્ટ ઉપરનો ટેક્સ સમયસર ન ભરે તો તેને ૧% પ્રમાણે વ્યાજ પણ ભરવું પડે છે.

૧૬) કલમ ૧૧૫ બીબીસી મુજબ જો ટ્રસ્ટ દાનની મળેલ રકમ આપનારનાં નામ અને એડ્રેસ ન જાળવે તો તેને એના પર ૩૦% ના હિસાબે ટેક્સ લાગુ પડે છે. આ દાન ટ્રસ્ટના કુલ્લ દાનનાં ૫% થી વધારે અથવા રૂા. ૧,૦૦,૦૦૦/- થી વધારે ન હોવું જોઇએ.

– ઉપરની કલમ નીચેના માટે લાગુ પડતી નથી

૧) ટ્રસ્ટ જો ફક્ત રીલીજીયસ (ધાર્મિક) કાર્યો માટે હોય

૨) ટ્રસ્ટ જો ધાર્મિક અને રીલીજીયસ પરપસ માટે હોય પરંતુ જો ડોનેશન ચોક્કસ બાબતો માટે જેમાં યુનીવસીર્ટી અથવા અન્ય એજ્યુકેશન ઇન્સ્ટીટ્યુશન અથવા હોસ્પિટલ અથવા મેડીકલ ઇન્સ્ટીટ્યુશન માટે હોય તો.

૧૭) ટીડીએસ ના કાયદાઓનું પાલન જે ટ્રસ્ટે અન્ય મુજબ કરવાનું છે. વર્ષ ૨૦૧૮-૧૯ થી ટ્રસ્ટોને પણ પાલન કરવું જરૂરી છે (કલમ ૪૦(એ) (વનએ) જે ખર્ચ પર ટ્રસ્ટે ટીડીએસના જોગવાઇઓનું પાલન નથી કર્યું તે ખર્ચનાં ૩૦% આવકમાંથી બાદ મળતા નથી.

– તેજ પ્રમાણે વર્ષ ૨૦૧૮-૧૯ થી ટ્રસ્ટે કલમ ૪૦એ (૩)નું પાલન કરવું જરૂરી છે. જે મુજબ કોઇપણ ૧૦,૦૦૦/- ઉપરનાં ખર્ચ ફક્ત ચેકથી આપવાનાં રહેશે. રોકડામાં આપેલ ખર્ચ આવકમાંથી બાદ નહીં મળે.

– ''ફિક્સ એસેટસ''ની ખરીદી તે ખર્ચ ગણાય છે અને તેને ઇન્કમમાંથી બાદ મળે છે, પરંતુ તેના પર જો ડેપ્ટીસીયેશન પણ ક્લેમ કરવામાં આવે તો તે બાદ નથી મળતું. ટુકંમાં કાં તો તમારે એસેસ્ટ ખરીદીને ખર્ચ ગણવાનું છે અથવા ડેપ્ટીશીયેશનને ખર્ચ ગણવાનો છે. બંન્ને ચીજો સાથે બાદ ન મળી શકે.

– જો ટ્રસ્ટ અન્ય ટ્રસ્ટ જે કલમ ૧૨ એએ માં રજીસ્ટર થયેલ છે તેને ડોનેશન આપે, તો તે ''એપ્લીકેશન ઓફ ઇન્કમ'' ગણાતું નથી.

૧૮) કલમ ૨૬૯ એસટી મુજબ ટ્રસ્ટ એક વ્યક્તિ આગળથી રૂા. ૨,૦૦,૦૦૦/- વધારે રકમ રોકડાથી એક દિવસમાં અથવા એક ટ્રાન્સેકસનમાં અથવા પ્રસગં માટે લઇ શકતું નથી. આ રકમ તેમણે ચેક અથવા ઇસીએસ અથવા એનઇફટી જેવી રીતે આપી શકે છે.

– આ કલમનું પાલન ન થાય તો રકમની જેટલોજ દંડ કલમ ૨૭૧ડીએ મુજબ થાય છે.

૧૯) ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન બે કલમો એટલે કે કલમ ૧૦(૨૩સી) અને ૧૨ એબીમાં બંન્નેમાં એક સાથે ન થઇ શકે અથવા જો તે કલમ ૧૦(૪૬)માં નોટીફાઇડ હોય તો કલમ ૧૨એ/૧૨ એએ નું રજીસ્ટ્રેશન ગણાતું નથી.

– કલમ ૧૨એબી માં રજીસ્ટ્રેશન માટે એપ્લીકેશન કરલે હશે તો કલમ ૧૦(૨૩સી) અથવા કલમ ૧૦(૪૬) નાં લાભો મળશે નહીં.

– ટુંકમાં ત્રણમાંથી ફક્ત એકજ કલમમાં લાભ મળી શકે છે.

**(બાકી રહેલી વિગતો ભાગ ૩માં પ્રગટ કરવામાં આવશે.)**

**Table & Chart on Page No. 24**

# PDF OF TABLE

## SPECIFIED MODES OF INVESTMENTS U/S. 11(5) read with RULE 17C

- Investment in government saving certificate / UTI / units of mutual funds
- Deposit in post office savings bank / scheduled bank / co-operative bank / IDBI
- Investment in immovable property
- Investment in security for money created & issued by CG/SG,
- Company debentures fully & unconditionally guaranteed by CG/SG
- Investment or deposit in public sector company
- Deposit with or investment in bonds of a financial corporation or public company (registered in India) engaged in providing long term finance for India's industrial development
- Any transfer of deposits to the Public Account of India
- Deposits made with an authority constituted in India either for the purpose of dealing with and satisfying the need for housing accommodation or for the purpose of planning, development or improvement of cities, towns and villages, or for both
- Investment by way of acquiring equity shares of a depository as per Sec.2(1)(e) of the Depositories Act, 1996 (22 of 1996)
- Investment by way of acquiring shares of National Skill Development Corporation
- Investment in debt instruments issued by any infrastructure Finance Company registered with the Reserve Bank of India
- Investment in "Stock Certificate" as defined in Para 2(c) of the Sovereign Gold Bonds Scheme, 2015, published in the Official Gazette vide notification number G.S.R. 827(E), dated 30-Oct-2015
- Other forms or modes of investment or deposit as prescribed under Rule 17C

***In case investments is made in modes prescribed above which are not specified under the Maharashtra Public Trusts Act, 1950, then prior permission would need to be obtained for making such investment from the Charity Commissioner***

# PDF OF CHART

## TIMELINES FOR RENEWAL OF REGISTRATION / FRESH REGISTRATION U/S. 12AB

| SITUATION | WHEN APPLICATION HAS TO BE MADE? | (A) PERIOD FOR WHICH REGISTRATION IS APPLICABLE<br>(B) RECEIPT OF FINAL ORDER FROM CIT |
|---|---|---|
| (i) Trusts already registered u/s. 12A/12AA | Within 3 months from 1-Oct-2020 | a. **Pass an Order** for 5 years<br>b. **Final Order** received within 3 months from the end of the month in which application is made. |
| (ii) Trusts already registered u/s. 12AB | At least 6 months prior to the expiry of the period for which registration was originally granted. | a. **Pass an Order** for 5 years<br>b. **Final Order** received within 6 months from the end of the month in which application is made. |
| (iii) New Trusts provisionally registered u/s. 12AB | At least 6 months prior to the expiry of the provisional period for which registration was originally granted or within 6 months of commencement of its activities, whichever is earlier. | a. **Pass an Order** for 5 years<br>b. **Final Order** received within 6 months from the end of the month in which application is made or 6 months of commencement of its activities, whichever is earlier. |
| (iv) Trust's 12A/12AA registration inoperative due to holding both 10(23C) & 12A/12AA registration | At least 6 months prior to the commencement of the A.Y. for which registration is sought | a. **Pass an Order** for 5 years<br>b. **Final Order** received within 6 months from the end of the month in which application is made. |
| (v) Trust adopted or undertaken modifications of its objects which do not conform to the conditions of registration | Within 30 days from the date of said adoption or modification. | a. **Pass an Order** for 5 years<br>b. **Final Order** received within 6 months from the end of the month in which application is made. |
| (vi) In any other case *(Includes New Registrations and pending registrations under old provision of 12AA for final order)* | One month PRIOR to the commencement of the P.Y. (relevant to the A.Y.) from which such said registration is sought | a. **Pass an Order** provisionally registering for 3 years from the A.Y. from which the registration is sought<br>b. **Final Order** received within 1 month from the end of the month in which application is made |


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

હાથ અને મશીન ભરતની ભારે ફેન્સી સાડીઓ અને લખનૌ ભરતની કુર્તીઓ.

સોમવાર બંધ


### ચર્ચાને ચોતરે વિભાગ અંગે

સર્વ વાચકોને નમ્ર વિનંતિ છે કે આપણી જ્ઞાતિને લગતી સમસ્યાઓ અને પ્રગતિ વિશે 'ચર્ચાના ચોતરે' વિભાગ માટે મુદાસર અને ટુંકમાં નિયમિત રીતે લખતા રહેશો. લખાણ સાથે આપનું પુરૂ નામ-સરનામું-ફોન નંબર-ઈમેઈલ મોકલવા જરૂરી છે. અલબત્ત વ્યક્તિગત આક્ષેપ કે નિંદાત્મક લખાણ પ્રકાશન યોગ્ય નહીં ગણાય.

**અતીતની અટારીએથી**

# પ્રસ્તાવના

**સોમ ધરમશી**
મો. 97267 76627



થોડા દિવસ પૂર્વ પ્રકાશ-સમીક્ષાના તંત્રીશ્રી ડૉ. હિરાચંદભાઇ દંડનો માંગણી કરતો ફોન આવ્યો કે ''વર્ષ ૨૦૦૩-૦૪ માં કચ્છડો કામણગારો'' શિર્ષક ધરાવતી તમારી લેખમાળા પ્રકાશ-સમીક્ષામાં છપાતી હતી અને અધુરી રહી હતી. છેલ્લા દાયકામાં કચ્છનો વિકાસ થયો છે અને નવા આધુનિક તીર્થસ્થાનો નિર્માણ પામ્યા છે તેમજ કચ્છની આપણી વિરાસત વિસરાઇ રહી છે. તેથી આ બધાનું સંકલન કરી ફરીથી ઉપરનાં વિષયોને આવરી લેતી લેખમાળા શરૂ કરો, જેમાં આપનાં કચ્છનાં છેલ્લા ૧૭ વર્ષના વસવાટમાં થયેલ અમુલ્ય અનુભવોનો ખજાનો ઠાલવો.

જવાબમાં મારે કહેવું પડ્યું કે '' ૨૦૦૩ માં મારી ઉમ્મર ૬૦ વર્ષની હતી. હું નિવૃત હતો અને કૌટુંબીક જંજાળથી દુર હતો. ત્યારે બાઇક ઉપર હું ભ્રમણ કરી શકતો, જોવાલાયક સ્થળોની મુલાકાત લેતો, થાડુંક સંશોધન કરતો, ૧૯૯૭માં મેં આયોજિત કરેલી ''કચ્છ દર્શન'' (ડોંબીવલીના કોન્ટેકેટ-૮૫ ગ્રુપ માટે) મુલાકાતના સંસ્મરણો સ્મૃતિપટ ઉપર તાજાં હતા. ત્યારે નવું જાણવાની, માણવાની અને બાઇક ઉપર ભ્રમ્રણ કરવાની મજા જ કાંઇક ઓર હતી. તેથી એ લેખમાળા લખતાં લખાઇ ગઇ. આજે ૭૬ વર્ષની ઉમ્મરે બાઇક ઉપર ભ્રમણ કરવાની હોમ ડિર્પાટમેન્ટમાંથી રજા જ ન મળે.''

પણ છેલ્લા ૧૭ વર્ષનાં કચ્છમાં વસવાટના કારણે કચ્છ અને કચ્છીયત વિશે ઘણી જાણકારી, તેની સંસ્કૃતિ, તેનો ઇતિહાસ, ભૌગોલિક વિશેષતાઓ, લોકસાહિત્ય, લોકમેળાઓ, કચ્છની નાજુક વિશ્વ વિખ્યાત કળાકારીગીરી અને ૨૦૦૧ના ધરતીકંપ પછી વિકાસ પામેલા નવા આધુનિક તીર્થધામો અને સ્થળોની વિશેષતાઓ માનસપટ પર અંકિત છે.

કચ્છનાં આપણા ઘણા ગામોમાં પૂર્વજોના ઇતિહાસ ઘરબાયેલા છે. આપણી ભવ્યતાઓ કાં તો વેરવિખેર પડી છે કાં તો ખંડેર બની ગઇ છે. આ ઇતિહાસના રખોપા કરવા જરૂરી છે. તેથી મનમાં એક વિચાર આવ્યો કે જુદા જુદા ગામોના વડીલો (આજે ભલે બીજે ક્યાં સ્થાનાંતર થઇ વસેલા હોય) પાસે તેમનાં ગામ વિશેની વિશિષ્ટ માહિતી ઉપલબ્ધ હોય અને વ્હોટસઅપ કે ઇમેલથી મોકલી શકે તો યોગ્ય સમય કાઢી, આયોજન કરી એક દિવસમાં કારથી ચાર પાંચ ગામની મુલાકાત ગોઠવી રસપ્રદ માહિતી ભેગી કરી મારા નવી લેખમાળામાં આમેજ કરી શકાય (માફ કરશો ફોન કે મોબાઇલ ઉપર આ માહિતી એકત્ર કરવી મુશ્કેલ છે.)

તો ચાલો એક ભગીરથ યશમાં સામેલ થવા આપનાં સહકારની અપેક્ષા છે. આપના ગામની વિશિષ્ટતા ઇતિહાસ (પાળીયા કે ખાંભીઓ) ભવ્ય પૌરાણિક મહેલાતો, મંદિરો કે અન્ય મહત્વની માહિતી મોકલશો તો નવી લેખમાળા ''અતીતની અટારી એથી'' માં જરૂરથી વણી લેવાનો પ્રયાસ કરીશ અને મારા લેખમાં આપનો આભાર માનીશ અને પુરક માહિત આપવા બદલ આપનાં નામ ફોટા સાથે છપાવવાનો પ્રયત્ન કરીશ. વિગત મોકલવા માટે વ્હોટસઅપ નંબર

**સોમ ધરમશી - ૯૭૨૬૭૭૬૬૨૭**

ઇમેલ આઇડી - **somchhaya@gmail.com**

કચ્છ અને કચ્છીયત વિશેની નવી લેખમાળાના કેટલાક પાનાં સાચવવા જેવા રહેશે. આપ ભવિષ્યમાં કચ્છ આવવાનો પ્લાન બનાવો ત્યારે કામ આવશે.

મારી લેખમાળાની શરૂઆત ''ઘડિયાલ ગોદીથી માંડવીની સફર'' થી થશે જેમાં જે તે સમયે સિંધિયા સ્ટીમ નેવીગેશનની સરસ્વતી અને સાબરમતી નામની બે સ્ટીમ્બર આવ જાવ કરતી હતી. લગભગ ૧૯૬૧-૬૨ ના યુધ્ધ પછી આ સેવા બંધ થઇ. છેલ્લે કચ્છીયત વિશે ચાર પંક્તિ લખી આ લેખને વિરામ આપું છું.

**''કચ્છડો વંકો, કચ્છી વંકા, જેંજા સારે જગમેં ડંકા,**
**વંકી કચ્છ વતનજી વાણી, હી પાંજે કચ્છડે જો પાણી.''**

**નમ્ર નિવેદન :**

'અતીત ની અટારીએથી' કોલમના માધ્યમથી જ્ઞાતિના સિધ્ધહસ્ત લેખક શ્રી સોમ ધરમશી બહુમુલ્ય સ્મરણોને શબ્દોના સથવારે રજુ કરવા જઇ રહ્યા છે ત્યારે સર્વે જ્ઞાતિજનોને નિવેદન છે કે આપની પાસે આ વિષયને લગતી માહિતી હોય તો સોમ ધરમશીને અચૂક જણાવો જેથી તેઓ એને શબ્દોમાં કંડારી શકે. આપના પ્રતિસાદની આશા છે. **- તંત્રી મંડળ**

## શ્રી વીરજી લધાભાઇ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ - ઘાટકોપર
## શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ

# એચ.એસ.સી.માં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને અભિનંદન

**છેલ્લા ૧૫ વર્ષથી વિદ્યાર્થીગૃહનું એચ.એસ.સી.નું પરિણામ ૧૦૦ ટકા આવતું રહ્યું છે.**

**શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના એચ.એસ.સી.માં દરેક વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતા વિદ્યાર્થીગૃહનું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે.**

## ધોરણ-૧૨ : એચ.એસ.સી. - કોમર્સ



**પાર્થ ભાવેશ સોની - 77%**
(સુથરી-ભાંડુપ)



**નમન નિતિન લોડાયા - 77%**
(વારાપધર-સેંધવા)



**વિમલ રમેશ ખોના - 73%**
(સુથરી-કોચીન)



**યશ પારશ નાગડા - 71%**
